જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂલક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૭૫૭૫૦ ૦૬૮૫૦

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । ગુરુવાર । તા. ૨૧-૦૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । અંક : ૨૫ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.


માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

ભારતે પાકિસ્તાન તરફથી બોર્ડર પાસે ઘૂસેલા જેટ વિમાનોને ભગાડ્યા

પાક.નું એફ-૧૬ વિમાન ફૂંકી માર્યું, ભારતનો એક પાયલટ ગુમ

ન્યુ દિલ્હી

ભારતની કાર્યવાહી બાદ બુધવારે પાકિસ્તાની એરફોર્સમાં ભારતીય બોર્ડરમાં ઘૂસવાનો પ્રયત્ન કર્યો હતો. તેના જવાબમાં ભારતીય વાયુસેનાએ નૌશેરા સેક્ટરના લામ ઘાટીમાં પાકિસ્તાની એફ-૧૬નું એક વિમાનને તોડી પાડ્યું છે. તોડી પાડ્યા બાદ આ વિમાન પીઓકેના વિસ્તારમાં જઈ પડ્યું હતું. તે વિમાનમાંથી પેરાશૂટથી એક પાયલોટને ઉતરતા પણ જોવા મળ્યો હતો. આ અંગે એરવાઈસ માર્શલ આર.જે.કે. કપૂરે પત્રકારોને વિગતવાર માહિતી આપી હતી. ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવીશ કુમારે પાકિસ્તાન તરફથી વહેલી સવારે કરવામાં આવેલા



વળતા પ્રહાર અંગે માહિતી આપવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે, જૈશ-એ-મોહમ્મદ ભારતમાં વધુ હુમલા કરવાની તૈયારીમાં છે એવી ગુપ્તચર તંત્ર દ્વારા મળેલી માહિતી બાદ ભારત સરકારે મંગળવારે વહેલી પરોઢે પાકિસ્તાનની સરહદમાં પ્રવેશીને હવાઈ હુમલો કર્યો હતો અને જૈશ-એ-મોહમ્મદના આતંકી ઠેકાણાઓનો સફાયો કર્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું કે, ×ભારત દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહી બાદ ગભરાઈ ગયેલા પાકિસ્તાનની વાયુસેનાના વિમાનો બુધવારે સવારે જમ્મુ-કાશ્મીરની સરહદમાં પ્રવેશ્યા હતા. ભારતની વાયુસેના આ વળતા હુમલા માટે તૈયાર હોવાને કારણે તેણે આ હુમલાનો તરત જ જવાબ આપ્યો હતો અને પાકિસ્તાનનું એક એફ-૧૬ વિમાન તોડી પાડ્યું હતું. આ જવાબી કાર્યવાહીમાં ભારતને પણ તેનું એક મીગ-૨૧ ગુમાવાનો વારો આવ્યો હતો.× રવિશ કુમારે જણાવ્યું કે, ×ભારતના તુટી પડેલા મીગ-૨૧ વિમાનનો પાઈલટ ગાયબ છે. પાકિસ્તાન દ્વારા એવો દાવો કરવામાં આવ્યો છે આ પાઈલટ તેમના કબ્જામાં છે. જોકે, ભારત સરકાર આ બાબતની વધુ તપાસ કરી રહી છે અને વિગતો મેળવી રહી છે. જ્યારે વધુ વિગતો પ્રાપ્ત થશે ત્યારે મીડિયાને વધુ માહિતી આપવામાં આવશે.×

દેશના યુવાનો રાજ્યસભાના સાંસદોને ઓછી કાર્યક્ષમતા સામે સવાલ કરેઃ પીએમ મોદી

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે નેશનલ યુથ પાર્લામેન્ટ ફેસ્ટિવલને સંબોધન કરીને યુવાઓને રાજ્યસભાના સાંસદોને ઓછી કાર્યક્ષમતા બદલ સવાલ કરવા માટે જણાવ્યું હતું. આ ઘણી ચિંતાજનક બાબત છે તેમ પીએમ મોદીએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું.

પીએમ મોદીના મતે રાજ્યસભામાં સત્તાપક્ષ સામે વિપક્ષની બહુમતિ છે ત્યારે દેશના યુવાનોએ ઓછી કાર્યક્ષમતા બદલ રાજ્યસભાના સાંસદોને સવાલ કરવો જોઈએ. દેશભરમાંથી આમ કરવાથી સાંસદો પર દબાણ સર્જાશે.

પીએમ મોદીએસંબોધન કરતાંજણાવ્યું કે, 'આપણા મોંમાંથી નીકળેલા શબ્દ યોગ્ય જગ્યાએ જવા જોઈએ. આપણી વાણી ઈમ્પેસિવ હોય કે ન હોય પરંતુ ઈન્સપાઈરીંગ જરૂર હોવી જોઈએ. હુંવાતો કરવામાં વિશ્વાસ નથી રાખતો. એક વિચારની સાથે એક પછી એક ઈન્ટરલિંગ વ્યવસ્થા વિકસિત કરવી તે મારી કાર્યશૈલીનો ભાગ છે. હુંબધી જ વસ્તુઓ પહેલા નથી બતાવી દેતો ધીરે ધીરે ખોલું છું.' ૧૬મી લોકસભામાં કાર્યક્ષમતા વિશે જણાવતા પીએમએઉમેર્યું કે, નીચલા ગૃહમાં સત્તાપક્ષની બહુમતિ છેત્યાં ૮૫ટકા કામકાજ થયું હતું અને ૨૦૫ બિલો પાસ થયા હતા. જ્યારે ગત સત્રમાં રાજ્યસભાની કાર્યક્ષમતા ફક્ત આઠ ટકા રહી હતી અને વચગાળાનું બજેટ પસાર થયું હતું. આગામી ટ્રૂંક સમયમાં લોકસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે વડાપ્રધાને 'વિકાસ'ના એજન્ડાને આગળ ધપાવવા માટે ફરીથી તેમની સરકારને ભારે બહુમતિથી ચૂંટવા યુવાનોને આહ્વાન કર્યું હતું. ઉપલા ગૃહમાં સરકારને રોકવા માટે વિપક્ષોએ હાથ મિલાવ્યા છે. મોદીએ યુવાઓને ઘરે પરત જઈ જે તે રાજ્યોના રાજ્યસભાના સાંસદોને આ મામલે સવાલ પૂછવા જણાવ્યું હતું. પીએમએ કહ્યું કે, 'દરેક પાર્ટી નેશનલ યૂથ પાર્લામેન્ટ ફેસ્ટિવલમાં કંઈક નવું કરવાનો વિચાર લાવે છે, આ એક બહેતર મંચ બની ગયો છે. જે ભવિષ્યમાં કામ લાગશે. મારા મનમાં એક મોટું સપનું છે જેનો એક ભાગ આ બની રહ્યો છે.' તેમણે તે પણ કહ્યું કે, 'વિનોબા ભાવે કહેતા હતાં કે અ-સરકારી વસ્તુઓ અસરકરી હોય છે. આશા છે કે આપ યુવા પીરસેલી વસ્તુઓ નથી લેતા, પરંતુ જાતે જ ફેક્ટ શોધો છો.'

યુદ્ધના ઓછાયાથી ડરેલા પાકિસ્તાનની શાંતિ માટે અપીલ

ઈસ્લામાબાદ

ભારત દ્વારા પાકિસ્તાનમાં કરવામાં આવેલી એર સ્ટ્રાઈક બાદ બંને દેશોની વચ્ચે તણાવ ચરમસીમા પર છે. પાકિસ્તાની સેનાએ દાવો કર્યો છે કે, તેણે ભારતના બે વિમાનને નિશાન બનાવ્યું છે. જ્યારે પાકિસ્તાનની આ હરકતનો ભારતે જડબાતોડ જવાબ આપ્યો છે. ભારતીય સીમામાં પ્રવેશ કરતાં પાકિસ્તાની વિમાનને ભારતે તોડી પાડ્યું છે. પાકિસ્તાનના વડાપ્રધાને બુધવારે બપોરે રાષ્ટ્રજોગ સંબોધન કર્યું હતું.

અમે ભારતને પુલવામા હુમલાના પુરાવાઓ આપવાનું આશ્વાસન આપ્યું હતું. અમે આ પુરાવા અને ઈન્વેસ્ટિગેશનની બાંહેધરી એટલાં માટે આપી હતી જેથી અમે સાબિત કરી શકીએ કે પાકિસ્તાનની ધરતી પર આતંકીઓને આશ્રય આપવાની વાત ખોટી સાબિત કરી શકીએ. મારે પાકિસ્તાનના વિશ્વાસની જરૂર છે.

જો ભારત અમારી ધરતી પર આવીને પ્રહાર કરી શકે છે તો અમે પણ તેમની ધરતી પર જઈ શકીએ છીએ. તમામ યુદ્ધો લોકશાહીને ખોટાં રસ્તે દોરી જાય છે અને કોઈ જાણતું નથી કે તેઓ ક્યાં જઈ રહ્યા છે.

હું ભારતને પૂછવા માંગુ છું કે જે હથિયારો તેમની પાસે છે અને અમારી પાસે છે, શું તેનો ખોટો ઉપયોગ આપણને પોષાઈ શકે છે? જો આ તણાવ વધશે તો તેને હું કે નરેન્દ્ર મોદી કંટ્રોલ નહીં કરી શકીએ. લોકશાહીએ સારાં અર્થમાં જીતવું જોઈએ, યુદ્ધથી નહીં

ઈમરાન ખાને કહ્યું કે, "યુદ્ધ શરૂ કર્યા પહેલા નથી ખબર હોતી કે ક્યાં જઈને અટકશે. પહેલું વિશ્વ યુદ્ધ મહિનાઓમાં પૂર્ણ થવાનું હતુ જેને ૬ વર્ષ લાગ્યા હતા. બીજા વિશ્વ યુદ્ધમાં હિટલરે વિચાર્યું કે તે રૂસને જીતી લશે, પરંતુ તેને હારનો સામનો કરવો પડ્યો. આતંક સામેની લડાઈમાં શું અમેરિકાએ વિચાર્યું હતુ કે અફઘાનિસ્તાનમાં તે આટલા લાંબા સમય સુધી ફસાયેલું રહેશે? આવું જ વિયતનામ યુદ્ધમાં પણ ખબર નહોતી કે તે કેટલે દૂર જશે."

ભારતીય વાયુસેનાએ નૌશેરા સેક્ટરના લામ ઘાટીમાં પાકિસ્તાની એફ-૧૬નું એક વિમાનને તોડી પાડ્યું છે. તોડી પાડ્યા બાદ આ વિમાન પીઓકેના વિસ્તારમાં જઈ પડ્યું હતું. તે વિમાનમાંથી પેરાશૂટથી એક પાયલોટને ઉતરતા પણ જોવા મળ્યો હતો. આ અંગે એરવાઈસ માર્શલ આર.જે.કે. કપૂરે પત્રકારોને વિગતવાર માહિતી આપી હતી.

જમ્મુ કાશ્મીરના બડગામથી સાત કિલોમીટર દુર ભારતીય વાયુસેનાનુ મીગ ફાઈટર જેટ ક્રેશ થયુ છે. જેમાં સવાર બંને પાયલોટ શહીદ થયા હોવાના ખબર મળ્યા છે. શોપિયાં જિલ્લામાં સુરક્ષા દળો અને જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. જેમાં અત્યાર સુધીમાં જૈશ-એ-મોહમ્મદના ૨ આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યાં છે. પાકિસ્તાનીન આ હરકત પછી જમ્મુ-કાશ્મીર અને પંજાબના તમામ ૮ એરપોર્ટ પર દરેક ઉડાન રદ કરી દેવામાં આવી હતી. આ ઉપરાંત ઉત્તરાખંડના દેહરાદૂનનું એરપોર્ટ પણ બંધ કરી દેવામાં આવ્યું હતું. અમુક કલાકો સુધી આ એરપોર્ટ પર ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ઉડાન રદ કરવામાં આવી હતી. જોકે બપોરે ૩ વાગે દરેક એરપોર્ટ પર ઉડાનને રેગ્યુલર ચાલુ કરી દેવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

સરહદ પર ગોળીબાર બાદ ભારતનો જડબાતોડ જવાબ

જમ્મુ

ભારતીય હવાઈ દળના સરહદ પાર જોરદાર ઓપરેશનના કારણે હચમચી ઉઠેલા પાકિસ્તાને અંકુશ રેખા પર આજે સતત બીજા દિવસે ગોળીબાર જારી રાખ્યો હતો. પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબારનો ભારતીય જવાનોએ જોરદાર જવાબ આપ્યો હતો. જેમાં પાકિસ્તાનની અનેક ચોકીઓ ફૂંકી મારવામાં આવી છે. પાકિસ્તાની સેનાને પણ ભારે નુકસાન થયું છે. પાકિસ્તાની સેનાએ કાર્યવાહી કર્યા બાદ ભારતે જોરદાર જવાબ આપ્યો હતો. ભારતીય સેનાએ સરહદ પારથી કરવામાં આવેલા ગોળીબારનો જડબાતોડ જવાબ આપ્યો હતો. સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા લેફ્ટી કર્નલ દેવેન્દ્ર આનંદે કહ્યું હતું કે, ભારતના જડબાતોડ જવાબના કારણે પાકિસ્તાનને ભારે નુકસાન થયું છે. પાકિસ્તાની જવાનોના મોત પણ થયા છે. અંકુશ રેખા ઉપર પાકિસ્તાને ૧૫થી ૨૦ સ્થળો ઉપર ગોળીબાર કર્યો હતો. માનવ શિલ્ડ તરીકે ગામવાળાઓનો ઉપયોગ કરીને નાગરિક આવાસો ઉપરથી આ ગોળીબાર કરાયો હતો. આ કાર્યવાહીમાં પાકિસ્તાનના સૈનિકો પણ ઘાયલ થયા છે. પાકિસ્તાની સેનાએ માનવ કવચ રૂપે અંકુશ રેખા પર રહેતા લોકોના આવાસ પર મોર્ટાર અને મિસાઈલો ઝીંકી હતી. રાજોરી અને પુચ ક્ષેત્રમાં પાકિસ્તાન દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો છે. આજે બીજા દિવસે પણ ગોળીબાર કરવામાં આવ્યો હતો. ભારતે જવાબી કાર્યવાહીમાં સામાન્ય લોકોને નુકસાન ન થાય તે બાબતને ધ્યાનમાં લઈને પાકિસ્તાની ચોકીઓને ટાર્ગેટ બનાવી હતી. ભારતીય સેનાના પાંચ જવાનોને પણ નજીવી ઈજા થઈ છે. ભારતે પોકમાં હવાઈ હુમલા કરવામાં આવ્યા બાદ જમ્મુ કાશ્મીરમાં અંકુશરેખા નજીકના નવશેરા, રાજૌરી અને અખનુર સેક્ટરમાં યુદ્ધવિરામનો ભંગ કરીને પાકિસ્તાને ગોળીબાર કર્યો હતો.

નાગરિક વિસ્તારો ઉપર પાકિસ્તાનનો સતત બીજા દિવસે ગોળીબાર બાદ ભારતની જવાબી કાર્યવાહી : સ્થિતિ તંગ

MARKET 4U™

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનો ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ ઓનલાઇન જાહેરાતની સુવિધા

અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ.

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત



GPS Market

RV-04



- Geo Fence
- Overspeed Alarm
- Mileage Statistics
- 5M Accuracy (95%)
- ACC Ignition Detection
- OTA Firmware Upgrade
- Over Voltage Protection
- Built In Battery 160 mA/H
- Tele-Cut Off (Petrol/ Electricity)
- Data In Buffer (in GPS Blind Area)
- GSM Module : QUECTEL M26
- GPS Module : GTOP GT-1612-UB7X

For Demo - Go to play store
Download - GPSMARKET
User id : demo - password : 123456

ધનંજય ઝવેરી તમામ શહેરોમાં એજન્સી આપવાની છે.

Mo. 7575006847

હળવદમાં આર.આર.સેલનો સપાટો ૧૨૦૦ પેટી વિદેશી દારૂ ભરેલ કન્ટેનર ઝડપી પાડ્યુ

૧૨૬૬૦ વિદેશી દારૂ ની બોટલ, ૩૩૬૦ નંગ બિયર, ૪૯.૯૦૮૦૦ લાખનો દારૂ કન્ટેનર ૧૫ લાખ કુલ મુદામાલ ૬૪.૯૦૮૦૦ લાખનો મુદ્દામાલ ઝડપી પાડયો



મોરબી જિલ્લાના હળવદમાં હાઈવે પર વિદેશી દારૂ ઝડપાવાના ઘણા બનાવો બન્યા છે ત્યારે ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ હોવાનો વધુ એક વખત પુરવાર થયું છે જોકે રાજકોટ રેન્જ આઈજીની ટીમે બાતમીના આધારે કન્ટેનરમાં છાપો મારતા કન્ટેનર માં અંદાજે બારસો થી વધુ પેટી ઈંગ્લિશ દારૂ સહિત ૭૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે કન્ટેનર ચાલકની ધરપકડ કરીને પુછપરછ શરૂ. હળવદ પંથકમાં છેલ્લા કેટલાક સમયથી કાયદો વ્યવસ્થા ખાડે વિદેશી તથા દેશીદારૂના ધોડાપૂર સ્થાનિક પોલિસને માત્ર વહીવટ મા જ રસ ? વિવિધ વિસ્તારોમાં બેરોકટોક વિદેશી, તથા દેશી દારૂના વેચાણ ની સાથે સાથે વધતી જતી ગુનાખોરી..

હળવદ માળીયા હાઈવે રોડ પર હોટલ હરીદર્શન સામે દારૂ ભરેલ કન્ટેનર અમદાવાદ થી કચ્છ તરફ જતું હોવાની બાતમી રાજકોટ આર.આર.સેલની મળતા રાજકોટ રેન્જના આઈજી સંદીપ સિંહની સૂચનાથી આર.આર. સેલના પી. એસ, આઈ, એમ, પી, વાળા, તથા ટીમે પાકી બાતમી ના આધારે બપોરના સમયે વોચ રાખી હોટલ હરીદર્શન સામે હાઈવે મહારાષ્ટ્ર પાસિગનુ કન્ટેનર MH04.GO ૬૪૪૧ લાલ કલરનુ માહીતી મુજબનુ પસાર થતા કન્ટેનર આતંરી ને તલાશી લેતા અંદાજે ૧૨૦૦ પેટી થી વધુ વિદેશી શરાબની જુદી-જુદી બ્રાન્ડની અને કન્ટેનર સહિત એક આરોપીને ઝડપી પાડતા ફફડાટ વ્યાપી જવા પામ્યો છે

મોરબી જિલ્લાના હળવદ છેલ્લા કેટલાક સમયથી વિદેશી દારૂની મોટાપાયે હેરાફેરી થતી હોય ટૂંક સમય પહેલા હળવદ તાલુકાના સુંદરી ભવાની આર.આર.સેલ દ્વારા રેડ કરવામાં આવી હતી જેને હજી સુકાઈ નથી ત્યાં રાજકોટ રેન્જ આઈજી સંદીપ સિંહની સૂચનાથી આર.આર.સેલના પી.એસ, આઈ એમ, પી, વાળા સહિતની ટીમે બાતમીના આધારે આજે બપોરે હળવદ માળીયા હાઈવે પર આવેલ છે અને તલાશી લેતા અંદાજે ૧૨૦૦ થી વધુ ઈંગ્લીશ દારૂની પેટી તથા કન્ટેનર કુલ મુદ્દામાલ ૭૦ લાખથી વધુ જમ કર્યો હતો અને કન્ટેનર ચાલક બલવિન્દરસિંગ સતોષસિંગ રહે ઉદયપુર રાજસ્થાન ની અટકાયત કરવામાં આવી છે, બુટલેગરો બેફામ બની ગયા છે ગાંધીના ગુજરાતમાં માત્ર કાગળ પર જ દારૂબંધી છે દારૂબંધી હોવા છતાં દારૂ ની હેરાફેરી બેફામ ચાલે છે, અવનવા કીમીયા કરી ઘુસાડવામાં આવે છે, જો કે આર આર સેલે ટીમે દારૂનુ આખુ કન્ટેનર ઝડપી પાડીયુ જેમાં દારૂ મોટો જથ્થો ૧૨૦૦ પેટી થી વધુ દારૂ આર.આર.સેલની ટીમે આખું કન્ટેનર ઝડપી પાડતા બુટલેગરોમાં ફફડાટ વ્યા જવા પામ્યો છે કન્ટેનર ચાલક ને ઝડપીને આટલો મોટો વિદેશી દારૂનો જથ્થો ક્યાંથી આવ્યો અને ક્યાં કોને આપવાનો હતો તે દિશામાં પોલીસ દ્વારહરા તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છ.

હળવદમાં પીજીવીસીએલ દ્વારા આવતીકાલે "માફી મેળો" યોજાશે

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ વર્તુળ કચેરી મોરબી, વિભાગીય કચેરી હળવા અને પેટા વિભાગીય કચેરી હળવદ ટાઉન દ્વારા રાજયના કાયમી ધોરણે બંધ થયેલ વીજ જોડાણવાળા ગ્રાહકોના બાકી લ્હેણાંની વસુલાત માટેની એક વખતની માફી યોજના અંતર્ગત આવતીકાલે તા. ૨૮-૦૨ ના રોજ હળવદ પેટા વિભાગીય કચેરી ખાતે માફી મેળો યોજાશે

પીજીવીસીએલ દ્વારા જણાવાયું છે કે વીજ ગ્રાહકોના કનેક્શન કાયમી ધોરણે રદ થઈ ગયેલ હોય, પાવર ચોરીનો દંડ આવેલ હોય તેવા ચાલુ ગ્રાહકો તથા બિન ગ્રાહકો માટે રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ એક વખતની માફી યોજના અંતર્ગત રૂ ૫૦૦ ભરી માફી આપવાની યોજનાનો લાભ લેવા માફી મેળો યોજાશે તા. ૨૮-૦૨ ને ગુરુવારના રોજ સવારે ૧૦ કલાકે માફી મેળો પેટા વિભાગીય કચેરી હળવદ ખાતે યોજાશે જેનો ગ્રાહકો લાભ લે તેવો અનુરોધ પીજીવીસીએલ દ્વારા કરવામાં આવ્યો છે.

પાળીયાદ વિસામણબાપુની જગ્યામાં બોટાદ જીલ્લા પોલીસ દ્વારા કડક હાથે ચેકીંગ કરવામાં આવ્યુ



સમગ્ર ગુજરાતમાં એલર્ટ ને પગલે બોટાદ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના આદેશ અનુસાર જીલ્લા ભર નાં ધાર્મિક સ્થળો ઉપર કડક હાથે ચેકીંગ કરવામાં આવી રહ્યુ છે ત્યારે પાળીયાદ માં આવેલી સુપ્રસિધ્ધ વિસામણબાપુની જગ્યામાં આજે બોટાદ જીલ્લા પોલીસના એસઓજી સ્ટાફ, બીડીડીએસ, ટીમો દ્વારા સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ હતુ વિસામણ બાપુની જગ્યામાં આવેલ તમામ મંદીર સહીત તમામ જગ્યાએ કડક હાથે ચેકીંગ કરવામાં આવ્યુ હતુ.

હળવદના પરેચા પરિવારની દીકરી ચિ. ડો નિધિના લગ્ન પ્રસંગની અનોખી રીતે ઉજવણી



હળવદ માં ડોકટર યુગલ ના લગ્ન પ્રસંગે શહીદો ને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી અને સાથે સાથે પોતાની કન્ટ્રકસન સાઈટ પર કામ કરતા ૧૫૦ થી વધુ શ્રમયોગી (મજૂર) ને લગ્ન પ્રસંગે સ્વરૂચી ભોજન કરાવવામાં આવ્યું અને શિશુમંદિરની બાળાઓ ને મીઠાઈ તથા ફરસાણ સહિત નું ભોજન કરાવવામાં આવ્યું.

હળવદ ના ઉમા સોસાયટી માં રહેતા શંકરભાઈ ગોવિંદભાઈ પરેચા ની લાડકવાઈ દીકરી ડો.નિધિ એસ.પરેચા સંગ ડો.ચિરાગ બી. અઘારા ના લગ્ન પ્રસંગે પુલવામા માં શહીદ થયેલ જવાનો ને શ્રદ્ધાંજલિ આપવામાં આવી અને શહિદ થયેલ જવાનો ના પરિવાર ને આ પ્રસંગ નિમિતે ફૂલ નહીં તો ફૂલ ની પાંખડી સ્વરૂપે ૨૫,૫૫૫ રૂ. નું અનુદાન આપી આર્થિક મદદ કરવામાં આવી અને ૨ મિનિટ મૌન પાડી સૌ જાનૈયા અને માંડવીયા પુલવામાં માં શહીદ થયેલ જવાનો ને શ્રદ્ધાંજલિ અર્પણ કરી સાથે સાથે શંકરભાઈ ની કન્ટ્રકસન સાઈટ પર કામ કરતા તમામ શ્રમયોગી ભાઈઓ તથા બહેનોને સ્વરૂચી ભોજન કરાવવામાં આવ્યું અને શિશુમંદિર ની બાળાઓ ને પણ આ પ્રસંગ નિમિતે મીઠાઈ ફરસાણ સહિતનું ભોજન કરાવામાં આવ્યું.

આ રીતે પરેચા પરિવારે પોતાની દીકરી ના લગ્નપ્રસંગ ની અનોખી ઉજવણી કરી જે સમાજ માટે પ્રેરકરૂપ બનશે.

મોરબીમાં હનીટ્રેપ મામલે પોલીસ કર્મચારી સહીત પાંચ આરોપી ઝડપાયા

એસન્ટ કાર અને ૪૦૦૦ રૂપિયા જપ્ત કરાયા

રક્ષક જ ભક્ષક બન્યો, જીલ્લા પોલીસ માટે શરમજનક કિસ્સો

ત્રણ યુવાનોને હનીટ્રેપમાં ફસાવી રૂપિયાનો તોડ કરતી ટોળકીમાં હળવદ પોલીસ કર્મચારીની સંડોવણી પણ ખુલી છે અને આરોપી દિવ્યરાજસિંહ ઝાલાને પોલીસે ઝડપી લીધો છે જોકે રક્ષક જ ભક્ષક બન્યા છે તે વધુ એક વખત સાબિત થયું છે તો આ કિસ્સો મોરબી જીલ્લા પોલીસ માટે પણ શરમજનક બની રહ્યો છે અને અન્ય કોઈ ખાખીધારી ગોરખધંધામાં સંડોવાયેલ છે કે કેમ તેની પણ તપાસ કરવી જરૂરી બની છે.

મોરબીના ઝીકીયારી ગામના કાકા-ભત્રીજા સહીત ત્રણને હનીટ્રેપમાં ફસાવી દોઢ લાખની માંગણી કરવા મામલે થયેલી ફરિયાદ બાદ પોલીસ હરકતમાં આવી હતી અને પોલીસ જવાન અને મહિલા સહીત પાંચ આરોપીને ઝડપી લેવાયા છે

મોરબીના ઝીકીયારી ગામે ત્રણ યુવાનોને લલનાના મોહજાળમાં ફસાવી તેના કપડા ઉતરાવી મોબાઈલમાં વિડીયો બનાવી બાદમાં દોઢ લાખ ના આપે તો વિડીયો વાયરલ કરી દેવાની તેમજ બળાત્કાર કેસમાં ફીટ કરવાની ધમકી આપી ૪૦૦૦ રૂપિયાની લૂંટ કરી માર મારવામાં આવ્યો હતો જે મામલે ભોગ બનનારે કરેલી ફરિયાદ બાદ કેસની તપાસ ઈન્ચાર્જ સીપીઆઈ આર જે ચૌધરીની ટીમ દ્વારા ચલાવવામાં આવી રહી હોય જેમાં હનીટ્રેપના આરોપી મુકેશ ભગવાનજી સીણોજીયા (ઉ.વ.૪૬) રહે દેવીપુર તા. હળવદ, મુઝ્ઝફર ઈકબાલ લોલાડીયા ઘાંચી (ઉ.વ.૨૮) રહે હળવદ, એજાજ હનીફ કગથળા ઘાંચી (ઉ.વ.૨૫) રહે હળવદ, હળવદ પોલીસ કર્મચારી દિવ્યરાજસિંહ રઘુવીરસિંહ ઝાલા (ઉ.વ.૨૭) અને વસંતબેન જગદીશભાઈ ચાવડા (ઉ.વ.૩૦) રહે ચરાડવા હળવદ એમ પણ આરોપીને ઝડપી લઈને બનાવમાં લૂંટમાં ગયેલ ૪૦૦૦ રૂપિયા તેમજ ગુન્હામાં વપરાયેલ એસન્ટ કાર નં જીજે ૦૩ સી ૪૬૩૩ કબજે લઈ આરોપીના રિમાન્ડ મેળવવા તજવીજ આદરી છે.

પાંડેસરા જીઆઈડીસીમાં અદ્યતન જીપીસીબીના નવા મકાનનું ખાતમુર્હૂત

ખારા પાણીને મીઠુ કરવા આઠ પ્લાન્ટ શરૂ કરાશે

સુરત

સુરતના પાંડેસરા જી. આઇ. ડી. સી. ખાતે રૂ. ૨.૮૬ કરોડના ખર્ચે ૯૮૮.૩૭ ચો. મી. માં તૈયાર થનાર ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની પ્રાદેશિક કચેરીના મકાનનું ખાતમુર્હૂત કરતા રાજયના પર્યાવરણ મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમારે જણાવ્યું હતુ કે, સુરત શહેર ઔદ્યોગિક વિકાસ સાથે અર્થતંત્રના વિકાસ અને રોજગારીની તકોના નિર્માણમાં અગત્યનો ભાગ ભજવી રહ્યા છે, અને રાજય તેમજ રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં અનેરૂ યોગદાન પૂરૂ પાડે છે. ઔદ્યોગિક વસાહતોમાં આવેલા એકમોમાં પ્રદૂષણ નિયંત્રણની કામગીરી અસરકારક રીતે અમલી બને તેમજ પર્યાવરણની ગુણવત્તા જળવાય તે માટે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા સુરત ખાતે અદ્યતન સુવિધા સહિતની પ્રયોગશાળા સાથેનું મકાન નિર્માણ પામશે.

મંત્રીશ્રીએ ઉપસ્થિત ઉદ્યોગકારોને ક્વોલિટી ઓફ પ્રોડકશનની સાથોસાથ પર્યાવરણની જાળવણી કરવા અનુરોધ કરતાં જણાવ્યું હતું કે, રાજય સરકાર ઔદ્યોગિક વિકાસની સાથોસાથ પર્યાવરણની જાળવણી પ્રત્યે ગંભીર છે. હાલમાં જ રાજય સરકાર દ્વારા ઈઝરાયલ દેશ સાથે રાજયમાં ખારા પાણીને મીઠુ કરવાના ૮ જેટલા પ્લાન્ટ કાર્યરત કરવાના એમ. ઓ. યુ. કરવામાં આવ્યા છે. ઉપરાંત દેશમાં જે રીતે પદ્ધતિસર વોટર મેનેજમેન્ટ કરવામાં આવે છે, તે જ રીતે ગુજરાતમાં પણ વોટર મેનેજમેન્ટ કરવામાં આવશે. પર્યાવરણની જાળવણી માટે સુરત પ્રાદેશિક કચેરીના કાર્યક્ષેત્રમાં આવતા ૨૭૩૫ ઉદ્યોગોમાંથી નીકળતા ગંદા પાણીના શુધ્ધિકરણ માટે કુલ ૮ સંયુકત શુધ્ધિકરણ પ્લાન્ટ કાર્યરત છે. જે પૈકીના બે સંયુકત શુધ્ધિકરણ પ્લાન્ટ ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ ધરાવે છે. આ ઉપરાંત સુરત મહાનગર પાલિકા દ્વારા ૧૬ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત છે. સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી શુદ્ધ થયેલ ગંદા પાણીનો પુનઃ વપરાશ ઔદ્યોગિક એકમોમાં કરવામાં આવે છે.

આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી વિવેકભાઇ પટેલ, એસ. જી. ટી. પી. એ. ના સેક્રેટરીશ્રી કમલભાઇ તુલશ્યાન, પાંડેસરા જી. આઇ. ડી. સી. ના ઉદ્યોગકારો અને જી. પી. સી. બી. ના અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

લીંબડી એસ.ટી. ડેપોના તમામ કર્મચારીઓ દ્વારા મંદિરમાં આપવામાં આવ્યું દાન

આ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ ની તા.૨૧ અને ૨૨ ની હળતાળ દરમ્યાન લીંબડી ડેપો ખાતે અટવાયેલા બહારના વિભાગમાંથી આવેલ ડ્રાઇવર કન્ડક્ટર ભાઈઓ ને મોટા મંદિર લીંબડી અને કબીર આશ્રમ લીંબડી ના સહયોગથી બે ટાઇમ ભોજન ની વ્યવસ્થા કરી આપેલ તે ખુબ બિરદાવવા યોગ્ય છે. આ ઋણ માથી મુકત તો ન થઈ શકાય પણ થોડાં હળવા થઈ શકાય તે માટે લીંબડી ડેપો ના તમામ કર્મચારીઓના સહયોગથી ફુલ નહી તો ફુલ ની પાંખડી રૂપે રુપિયા ૧૧૧૧૧/- પુરા મોટા મંદિર ના મહંત શ્રી ની હાજરી મા અને રૂપિયા ૧૧૧૧૧/-પુરા કબીર આશ્રમના મહંત શ્રી ની હાજરી મા અર્પણ કરવામાં આવે છે તેમજ બંને મહંતશ્રીઓને રુપિયા ૫૦૦ - ૫૦૦ ધરેલ છે. અને ત્રણેય સંગઠનોના પ્રતિનિધિ , સંકલન સમિતિ, લીંબડી ડેપો ના તમામ કર્મચારીઓ વતી આભાર વ્યક્ત કરેલ છે.

આજે વ્યારા ખાતે લોકસભાની સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને નોડલ અધિકારીઓની બેઠક યોજાશે

આજે તા. ૨૮મી, ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧:૩૦ કલાકે તાપી જિલ્લાના વડામથક વ્યારા ખાતે આવેલી કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર આર. એસ.નિનામાની અધ્યક્ષતામાં આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને નોડલ અધિકારીઓની બેઠક યોજાશે. આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ અન્વયે જિલ્લા કક્ષાએ કરવાની થતી કામગીરી સંદર્ભે નોડલ અધિકારીઓની નિમણુંક જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા કરવામાં આવી છે. નિમણુંક કરવામાં આવેલા નોડલ અધિકારીઓની કામગીરીની સમીક્ષા અર્થે તેમજ યોગ્ય માર્ગદર્શનાર્થે બેઠક યોજવામાં આવી છે. આ બેઠકમાં તમામ નોડલ અધિકારીઓને તેમને સોંપવામાં આવેલી કામગીરીની તમામ અદ્યતન વિગતો સાથે ઉપસ્થિત રહેવા જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર તરફથી જણાવાયું છે.

તા.૫ મી માર્ચે જિલ્લા આયોજન મંડળની સમીક્ષા બેઠક મળશે

જિલ્લા આયોજન મંડળની બેઠક તા.૦૫/૦૩/૨૦૧૯ ના રોજ બપોરે ૧૩-૦૦ કલાકે નવસારી જિલ્લા પ્રભારી મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાના અધ્યક્ષસ્થાને નવસારી કલેકટર કચેરીના સભાખંડ ખાતે મળશે. બેઠકમાં સંબંધિત અધિકારીઓ તેમજ સમિતિના સભ્યશ્રીઓએ જરૂરી વિગતો સાથે ઉપસ્થિત રહેવા જિલ્લા આયોજન અધિકારી નવસારી ધ્વારા જણાવાયું છે.

શિવરાત્રિના મેળા માટે વધારાની બસો લોકલ ભાડાથી દોડાવાશે

વલસાડ

મહાશિવરાત્રિના તહેવાર નિમિત્તે તા.૩ અને ૪ માર્ચ, ૨૦૧૯ દરમિયાન કછોડીના ગંગેશ્વર મહાદેવ મંદિર, વલસાડ તાલુકાના ઘડોઈ, ખેરગામ તાલુકાના ભૈરવી, અનાવલના શુકલતીર્થ, ધરમપુરના બરુમાળ તથા કપરાડાના બાલચોંઢી ખાતે મેળાઓ ભરાશે. આ મેળા દરમિયાન દર્શનાર્થીઓને જવા-આવવા માટે એસ.ટી. વિભાગ વલસાડ દ્વારા વધારાની બસો દોડાવવાનું આયોજન કરાયું છે. જેમાં વલસાડ ડેપો દ્વારા વલસાડ-ભૈરવી અને વલસાડ ઘડોઈ, બીલીમોરા ડેપો દ્વારા બીલીમોરા-કછોલી, અમલસાડ-કછોલી, બીલીમોરા-નાંધઈ મંદિર, ચીખલી-નાંધઈ મંદિર, બીલીમોરા-શુકલેશ્વર, ધરમપુર ડેપો દ્વારા ધરમપુર-ભૈરવી, ધરમપુર-બરુમાળ, ધરમપુર બાલચોંઢી, કપરાડા-બાલચોંઢી તેમજ નવસારી ડેપો દ્વારા નવસારી કછોલી અને અમલસાડ-કછોલી રૂટ ઉપર મુસાફરોના પ્રમાણમાં વધારાની એસ.ટી. બસોનું સંચાલન કરવામાં આવશે. જેનો મુસાફર જનતાને લાભ લેવા એસ.ટી.ના વિભાગીય નિયામક દ્વારા જણાવાયું છે.

પાળીયાદ પોલીસે દેશી બનાવટની પીસ્ટલ અને જીવતા કારતુસ સાથે એક શખ્સને ઝડપી પાડ્યો



અશોક કુમાર યાદવ નાયબ પોલીસ મહાનિરીક્ષક ભાવનગર વિભાગ ભાવનગર ના દ્વારા તાજેતરના ભારતીય વાયુસેનાની આતંકવાદી વિરુદ્ધની મજબૂત કાર્યવાહીને લઈને આંતરીક સુરક્ષાને ધ્યાને લઈ ખાસ ઝુંબેશ રૂપે સઘન કાર્યવાહી કરવા સુચના આપેલ જે અન્વયે બોટાદ જીલ્લાના પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા જીલ્લામાં વાહન, હોટેલ, ઢાબા, ગેસ્ટ હાઉસ, ધાર્મિક સ્થળો, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, શકમંદ ઈસમો અને શકમંદ વિસ્તાર ચેકીંગની ખાસ ડ્રાઈવ રાખવામાં આવેલ જે આધારે વિભાગીય પોલીસ અધિક્ષક આર.એન. નકુમની સુચના અને માર્ગદર્શન હેઠળ પાળીયાદ પો.સ.ઈ. એન.સી. સગર સ્ટાફ સાથે વાહન ચેકીંગ તથા પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન તા.૨૬/૦૨/૧૯ ના રોજ એક ઈસમ ઉદયભાઈ વલકુભાઈ ધાધલ કાઠી દરબાર રહે.નાગડકા તા.સાયલા જી.સુ,નગર વાળાનાં હવાલા વાળા મોટર સાઈકલ નં.જી.જે.૩૩ ૦૭૭૯ વાળા પાસેથી ગે.કા દેશી બનાવટની પીસ્તોલ તથા જીવતા કારતુસ નંગ-૪ સાથે કુલ મુદામાલ રૂ ૪૫૩૨૦ સાથે પકડાયેલ હોય તો તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છેઆ ગુન્હાની તપાસ પાળીયાદ પોલીસ સ્ટેશનના પો.સબ.ઈન્સ એન.સી. સગરનાઓ ચલાવી રહયા છે.

ડોલવણ તાલુકાના કરંજખેડ ગામે આરોગ્ય મેળો યોજાયો



વ્યારા

કેન્દ્ર સરકાર દ્વારા દેશના તમામ સંસદીય મતવિસ્તારમાં આરોગ્ય મેળા યોજવાનું નકકી કર્યું છે. જેના અનુસંધાનમાં તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના કરંજખેડ ગામે ૨૩-બારડોલી સંસદીય વિસ્તારનો સાંસદ હેલ્થ મેલાનું આયોજન સાંસદ પ્રભુભાઈ વસાવાની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન સાંસદ પ્રભુભાઈ વસાવાએ રાજય અને કેન્દ્ર સરકારની અનેકવિધ કલ્યાણકારી યોજનાઓની વિગતે છણાવટ કરી આરોગ્ય મેળાના આયોજનનો ઉદ્દેશ સ્પષ્ટ કરી વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ આરોગ્ય મેળામાં સ્ત્રી રોગ, બાળરોગ, ફિઝીશિયન, ચામડીના રોગ, આંખના રોગ, નાક-કાન, ગળાના રોગના નિષ્ણાંત, દાંતના રોગ, માનસિક રોગોના નિષ્ણાંત તજજ્ઞો દ્વારા તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત વિનામૂલ્યે લેબોરેટરી ટેસ્ટ કરી દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આરોગ્ય મેળાના આ કાર્યક્રમ દરમિયાન આરોગ્યલક્ષી વિવિધ સરકારી કાર્યક્રમો અને યોજનાઓ જેવી કે, પીસી એન્ડ પી.એન.ડી.ટી, સીકલસેલ એનિમીયા, ટોબેકો કંટ્રોલ, ટી.બી. નિર્મૂલન, એન.એસ. ડી, ૧૦૮ જીવીકે, આઇ.સી.ડી.એસ વિભાગ દ્વારા કૂપોષણ નિવારણ, લેપ્રસી, મા-અમૃતમ અને મા-વાત્સલ્યયોજના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, દિકરી યોજના, ચિરંજીવી યોજના, બાળ સખા યોજના, જનની સુરક્ષા યોજના, કુંટુંબ કલ્યાણ યોજના, શાળા આરોગ્ય કાર્યક્રમ, મમતા તરૂણી યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના, જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ જેવી યોજનાઓની સમજ આપતી પ્રદર્શની પણ યોજવામાં આવી હતી. આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત, તાપી દ્વારા ઉકાળાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. હર્ષદભાઇ પટેલ, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આર.એ. રંગુનવાલા અને એમની ટીમે જહેમત ઉઠાવી હતી.

ડોક્ટરોની બેદરકારીથી પરિણીતાનું મોત થયાનો પરિવારનો આક્ષેપ

વલસાડ

વલસાડના રોલા ગામના ધોળીકુવા ફળિયામાં રહેતા ભીખુ પટેલની ૨૭ વર્ષીય પત્ની આરતીની તબીયત ગત ૨૨ તારીખે બગડતા મોડી સાંજે વલસાડ સિવિલ હોસ્પિટલમાં લાઇ હતી. કફને કારણે શ્વાસની સમસ્યાથી પીડાતી મહિલાને હોસ્પિટલના પાંચમા માળે આવેલી ફિમેઇલ મેડિકલ વોર્ડ-૨માં રાત્રે ૮ કલાકે દાખલ કરાઇ હતી. મ્રનીને શ્વાલ લેવામાં પડતી તકલીફ અંગે પતિએ ફરજ પરની નર્સને કહેતા નર્સએ ત્યાની ઓક્સીજન લાઇન ચાલુ કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ લાઇન બગડેલી હોવાનું જણાવ્યું હતું.

મહિલા દર્દીની હાલત બગડતી જતી રહી ઓક્સિજન લાઇન ચાલુ હતી તે ફિમેલ મેડિકલ વોર્ડમાં લઇ જવાયા હતા. પત્નીની ખરાબ હાલતથી ગભરાયેલા પતિએ નર્સને તબીબને બોલાવવાની માંગણી કરી હતી. નર્સે ડોક્ટરને ટેલિફોન કર્યો પરંતુ કોઇ તબીબ મહિલાની તપાસ કરવા આવ્યા નહી.

બીજા દિવસે મહિલાની તબિયલ વધારે લથડી જતા તેના પતિ તથા ફળિયાના રહીશોએ ભારે હોબાળો મચાવ્યો હતો લોકરોષના કારણે મહિલાને આઇ.સી.યુમાં દાખલ કરાઇ હતી. જ્યાં ફરજ પરની નર્સ તથા ટ્રેઇની તબીબે મહિલાની સારવાર શરૂ કરી હતી. મહિલાને છાતીમાં ભારે કફ જામી ગયો હતો. એટલે એક્સ-રે પાડવાનું નક્કી થયું પરંતુ એક્સરે ટેક્નીશન એકલો જ હતો. પરિવારજનોએ એક્સ-રે વિભાગમાં જઇને મહિલાની કટોકટ સ્થિતિથી વાકેફ કરાવતા ટેક્નીશિયન પોર્ટેબલ એક્સ-રે મશિન લઇને આઇસીયુમાં ગયો હતો. અને મહિલાનો એક્સ-રે પણ પાડ્યો હતો.

ત્યાં સુધીમાં મહિલી હાલત વધુ ગંભીર બની ગઇ અને સવારે ૬ વાગ્યે અંતે આરતીબેનું હોસ્પિટલમાં જ મોત થયું હતું. રોષે ભરાયેલા પરિજનો તથા ફળિયાવાસીઓએ, મૃતકની અંતિમવિધિ કર્યાબાદ જવાબદારો સામે કાર્યવાહી કરવાનું પરિવારજનોનું કહેવું છે.

ટ્રાવેલ્સની લકઝરી બસમાં આર્કિટેક મહિલાની છેડતી

સુરત

કામરેજ નેશનલ હાઈવે રોડ પરથી પસારથી એક લકઝરી બસમાં આર્કિટેક યુવતિની છેડતી કરી હોવાની એક પોલીસ ફરિયાદ લકઝરી બસના ચાલક વિરુદ્ધ નોંધાવી હતી. પોલીસે છેડતીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ નાસિક-સાતપુર સુયડોજીત નગર ખાતે રહેતી અને આર્કિટેક મહિલા નિતા ટ્રાવેલ્સ લકઝરી બસ (જીજે-૦૩-બીવી-૯૨૪૪)માં બેસી મુસાફરી કરતા હતા. ત્યારે લકઝરી બસના ચાલક રીઝવાન બારી પરના પડદા હટાવી મહિલાના ગુપ્તાંગો સાથે શારીરિક અડપલા કર્યા હતા. કામરેજ પોલીસ મથકમાં મહિલાએ ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી-૩૫૪ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગુજરાત સ્કૂલ અને કોલેજ સ્પોર્ટસ લીગ રજિસ્ટ્રેશનની તારીખ લંબાવાઇ

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા ગુજરાત સ્કૂલ અને કાલ્લેજ સ્પોર્ટસ લીગનું ઓનલાઇન રજિસ્ટ્રેશન તા.૧૫/૨/૧૯ના રોજ પૂર્ણ થયું હતું. જેની મુદત તા.૧૧/૩/૧૯ સુધી લંબાવવામાં આવી હોઇ સંબંધિતોને તેની નોંધ લેવા તેમજ આ અંગે વધુ જાણકારી માટે સીનીયર કોચના મોબાઇલ નં. ૯૭૧૪૭૫૫૫૬૩ ઉપર સંપર્ક સાધવા જણાવાયું છે.

વલસાડ જિલ્લા સરકારી વકીલ તરીકે અનિલ આર. ત્રિપાઠીની નિમણૂક થઇ

વલસાડ જિલ્લા કોર્ટ ખાતે સરકારી વકીલ અને પબ્લિક પ્રોસીક્યુટર તરીકે હાલમાં ફરજ બજાવી રહેલા મીતાબેન એ.પટેલની સેવાઓ તા.૨૮/૨/૧૯ના રોજ સમાપ્ત થાય છે. તેમની જગ્યાએ ગાંધીનગરના કાયદા વિભાગ દ્વારા તા.૧/૩/૧૯થી બે વર્ષની મુદ્દત માટે અનિલ આર.ત્રિપાઠીની નિમણૂક કરી છે.

કેન્દ્રિયમંત્રી થાવરચંદ ગેહલોતના અધ્યક્ષસ્થાને આજે તા.૨૮મી ફેબ્રુઆરીના રોજ

દૂધધારા ડેરી ગ્રાઉન્ડ, ભરૂચ ખાતે દિવ્યાંગજન અને વૃધ્ધજન માટેનો સાધન કેમ્પનું આયોજન

કેમ્પમાં રૂા.૬,૦૨,૦૬,૭૪૧/-ની કિંમતના દિવ્યાંગજન અને વૃધ્ધજન મળી ૫૩૦૧ લાભાર્થીઓને ૧૪૦૦૨ સાધનોનું થનારૂં વિતરણ



ભરૂચ: ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ(એલિમ્કો) ભારત સરકાર તેમજ જિલ્લા વહીવટી તંત્ર - ભરૂચ ધ્વારા તા.૨૮/૦૨/૨૦૧૯ના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ ના સમયગાળા દરમિયાન દૂધધારા ડેરી ગ્રાઉન્ડ, ભોલાવ - ભરૂચ ખાતે દિવ્યાંગજન તથા વૃધ્ધજન સાધન સહાય કેમ્પનું આયોજન સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય - ભારત સરકારના મંત્રીશ્રી થાવરચંદ ગેહલોતના અધ્યક્ષસ્થાને કરવામાં આવેલ છે.

દિવ્યાંગજન - વૃધ્ધજન માટેના સાધન કેમ્પ અંગેની વિસ્તૃત માહિતી આપવા માટે આજરોજ કલેક્ટર કચેરી - ભરૂચના સભાખંડમાં દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય ભારત સરકારના સંયુક્ત સચિવ ડૉ. પ્રબોધ શેઠ અને જિલ્લા કલેક્ટરશ્રી રવિકુમાર અરોરાની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રેસ કોન્ફરન્સ યોજાઇ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રીએ દિવ્યાંગજન તથા વૃધ્ધજનને આપવામાં આવનાર સાધન સહાયની વિસ્તૃત વિગતો આપતાં કહ્યું હતું કે, કેન્દ્રિય મંત્રીશ્રી થાવરચંદ ગેહલોતના અધ્યક્ષસ્થાને યોજાનાર આ કેમ્પમાં રૂા.૫,૨૧,૭૮,૯૭૨/- ની કિંમતના ૪૪૪૦ દિવ્યાંગજનોને ૧૧૭૬૯ જેટલાં સાધનો અને રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ રૂા.૮૦,૨૭,૭૬૯/- ની કિંમતના ૮૬૧ વૃધ્ધજનોને ૮૫૮૧ જેટલાં સાધનો કેન્દ્રિય મંત્રીશ્રી તથા અન્ય મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવશે. જેમાં રૂા.૨,૦૮,૨૬,૦૫૮/- ની કિંમતના ૧૭૧૧ અંધજન દિવ્યાંગજનને ૨૯૮૨ સાધનો, રૂા.૨,૪૯,૧૨,૨૫૮/- ની કિંમતના ૧૪૭૮ અસ્થિવિષયક દિવ્યાંગજનને ૭૧૧૦ સાધનો, રૂા.૪૧,૪૯,૦૭૨/- ની કિંમતના ૯૦૨ મંદબુધ્ધિ દિવ્યાંગજનને ૯૩૯ સાધનો, રૂા.૨૨,૯૧,૫૮૪/- ની કિંમતના ૩૪૨ શ્રવણમંદ દિવ્યાંગજનને ૭૩૮ સાધનો અને રૂા.૮૦,૨૭,૭૬૯/- ની કિંમતના ૮૬૧ વૃધ્ધજનને ૨૨૩૩ સાધનો મળી કુલ રૂા.૬,૦૨,૦૬,૭૪૧/- ની કિંમતના ૫૩૦૧ લાભાર્થિને ૧૪૦૨ સાધનો એનાયત કરાશે. વિતરણ થવાની કીટોમાં ૨૪૬ લાભાર્થીઓને ઈલેકટ્રીક મોટર ટ્રાઇસીકલ, ૩૬૬ લાભાર્થીઓને ટ્રાઇસીકલ નાની-મોટી, ૪૩૪ લાભાર્થીઓને વ્હીલચેર એડલ્ટ અને ચાઇલ્ડ, ૧૨૦ લાભાર્થીઓને સી.પી.ચેર, ૧૪૦૦ લાભાર્થીઓને સ્માર્ટ ફોન, ૮૦૦ લાભાર્થીઓને ડેઝી પ્લેયર, ૮૧૨ લાભાર્થીઓને એમ.આર. કિટ એડલ્ટ કિટ, ૩૪૫ લાભાર્થીઓને કચેસ(ઘોડી), ૭૦ લાભાર્થીઓને રોલેટર, ૫૧૦ લાભાર્થીઓને કૃત્રિમ અવયવો તમામ, ૧૯૮ લાભાર્થીઓને અન્ય સાધન મળી કુલ ૫૩૦૧ લાભાર્થીઓને સાધનોનું વિતરણ કરાશે.

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય ભારત સરકારના સંયુક્ત સચિવ ડૉ. પ્રબોધ શેઠે દિવ્યાંગજન અને વૃધ્ધજન માટે ભારત સરકારના સામાજિક, ન્યાય અને અધિકારીતા મંત્રાલય ધ્વારા થનારા આ સહાય વિતરણ કાર્યક્રમની વિસ્તૃત વિગતો આપતાં જણાવ્યું હતું કે, ઓક્ટોબર - ૨૦૧૮ થી જાન્યુઆરી - ૨૦૧૯ દરમ્યાન દિવ્યાંગજનો અને વૃધ્ધજનો માટે એલિમ્કો ધ્વારા ભરૂચ સહિત ગુજરાતના વિભિન્ન સ્થળોના પરીક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આયોજનના ભાગરૂપે ૫૩૦૧ જેટલાં લાભાર્થીઓને એલિમ્કો ધ્વારા વિવિધ સાધન વિતરણ કરાશે જેમાં ટ્રાઇસીકલ, વ્હીલચેર, કાનનું મશીન, બાળકો માટે એસ.એસ.આઇ.ડી. કીટ, સી.પી.ચેર, કૃત્રિમ અંગ તથા વરિષ્ઠ નાગરિકો માટે કૃત્રિમ દાંત, ચશ્મા, વ્હીલચેર, કાનનું મશીન જેવા સાધનો એનાયત થશે. તેમણે કહ્યું હતું કે, એક જ જગ્યા પર ૨૬૦ દિવ્યાંગજનોને કૃત્રિમ હાથ અને પગ ફીટીંગ કરવાનું કામ થશે જેને કારણે ગ્રીનીશ વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરવાનો પ્રયાસ પણ કરાશે. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે, સાધન પ્રાપ્ત કરતો લાભાર્થી સક્ષમ છે, સમર્થ છે પરંતુ સહાયક ઉપકરણના માધ્યમથી લાભાર્થિને સ્વાવલંબી અને સશક્ત કરી સમાજની મુખ્ય ધારામાં જોડવાનો આ સ્તુત્ય પ્રયાસ છે.

આ બેઠકમાં એલિમ્કોના અધ્યક્ષ - પ્રબંધ નિર્દેશક શ્રી ડી.આર.સરીન, ડી.જી.એમ. શ્રી અજય ચૌધરી, જિલ્લા પોલીસ વડાશ્રી રાજેન્દ્રસિંહ ચૂડાસમા, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી મુકેશ મુનિયા, નાયબ માહિતી નિયામકશ્રી એન.વી.પટેલ મિડીયાના કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉજી માર્ચે મુખ્યમંત્રી રૂપાણી સોનગઢ ખાતેથી કરોડોના વિવિધ પ્રકલ્પોની ભેટ ધરશે

કાર્યક્રમ સંદર્ભે મંત્રી ગણપતસિંહ વસાવાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ

વ્યારા

આગામી તા. ૩જી, માર્ચના રોજ સોનગઢ તાલુકાના ગુણસદા ખાતે રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની ઉપસ્થિતિમાં યોજાનારા કરોડો રૂપિયાના વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમને અનુલક્ષીને રાજયના આદિજાતિ વિકાસ, વન, પ્રવાસન અને મહિલા તથા બાળ કલ્યાણ મંત્રી ગણપતસિંહ વસાવાની અધ્યક્ષતામાં સોનગઢ મામલતદાર કચેરીના કોન્ફરન્સ હોલમાં બેઠક યોજાઈ હતી.

બેઠકમાં મંત્રી વસાવાએ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં યોજાનારા આ કાર્યક્રમના સૂચારૂ આયોજન બાબતે તમામ અધિકારીઓએ તેમને સોંપેલી કામગીરી પરસ્પર સંકલનમાં રહીને પૂર્ણ કરવા માટે સૂચનાઓ આપી હતી. કાર્યક્રમની પૂર્વતૈયારીઓની સમીક્ષા કરતા તેમણે ટુંક સમયમાં સમગ્ર કાર્યક્રમની તૈયારીઓ કરવાની હોય તૈયારીઓમાં કોઇ કચાશ ન રહી તેની વિશેષ તકેદારી રાખવા તાકીદ કરી તેમણે સ્ટેજ, સભામંડપ, બેઠક વ્યવસ્થા, પાર્કિંગની વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા, સ્વાગત, સાંસ્કૃતિક કાર્યક્રમો અંગે વિગતે સમીક્ષા કરી હતી. વધુમાં કાર્યક્રમને સુપેરે પાર પાડવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગઠિત વિવિધ સમિતિઓની માહિતી મેળવી તમામ સમિતિઓ તેમને સોંપવામાં આવેલી કામગીરીને ચોકકસ સમયમર્યાદામાં પૂર્ણ કરે એવી અપેક્ષા વ્યકત કરી હતી.

બેઠકમાંજિલ્લા વિકાસ અધિકારી જે.બી.પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષક એન.એન. ચૌધરી, અધિક નિવાસી કલેકટર બી.બી. વહોનિયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જે.જે. નિનામા, પ્રયોજના વહીવટદાર વિજયભાઇ પટેલ, કાર્યપાલક ઇજનેર એ.જી. વસાવા, વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટીના સેનેટ મેમ્બર જયરામભાઇ ગામીત, જિલ્લા પંચાયતના સભ્ય અર્ચનાબેન વસાવા, અગ્રણીઓ રાજેન્દ્રસિંહ કુંવર, મહેન્દ્રભાઇ પટેલ, વ્યારા નગરપાલિકાના કારોબારી ચેરમેન રાકેશભાઇ કાચવાલા, અન્ય અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આજે પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એડવાયઝરી કમિટિની બેઠક મળશે

વલસાડ જિલ્લાની પી.સી.એન્ડ પી.એન.ડી.ટી. એકટ અન્વયે જિલ્લા એડવાયઝરી કમિટિની બેઠક તા. ૨૮/૨/૧૯ના રોજ સાંજે ૪-૦૦ કલાકે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરી, રાજીવ ગાંધી હોલ, વલસાડ ખાતે મળશે. આ બેઠકમાં નવા રજિસ્ટ્રેશન, રીન્યુઅલ તેમજ કેન્સલેશન અરજીઓની ચકાસણી કરવા તેમજ રજિસ્ટ્રેશન ફી ની નાણાંકીય સમીક્ષા વગેરે મુદ્દાઓ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવશે. આ બેઠકમાં સંબંધિત અમલીકરણ અધિકારીઓને હાજર રહેવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા જણાવાયું છે.

આજે જિલ્લા યુવા સલાહકાર સમિતિની બેઠક મળશે

વલસાડ જિલ્લા યુવા સલાહકાર સમિતિની બેઠક તા. ૨૮/૨/૧૯ના રોજ સાંજે ૪-૩૦ કલાકે કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે કલેક્ટર સી.આર.ખરસાણની અધ્યક્ષતામાં મળશે. આ બેઠકમાં યુવા આદર્શ ગામ વિકાસ કાર્યક્રમ, રાષ્ટ્રીય યુવા સ્વયંસેવકની પસંદગી વગેરે મુદ્દાઓ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ બેઠકમાં સંબંધિત અમલીકરણ અધિકારીઓને હાજર રહેવા નહેરુ યુવા કેન્દ્રના યુવા સંયોજક મનીષા ને શાહ દ્વારા જણાવાયું છે.

ખેડૂતોમાં ભારે આક્રોશઃ ૧૫૦૦ કિલો ટમેટાં પાકિસ્તાનમાં જતાં બંધ કરાયા

કપરાડા

પુલવામા હુમલા બાદ ભારતે જુદી જુદી રીતે પાકિસ્તાનનો વિરોધ કરવાનો શરૂ કર્યું છે. જેમાં વ્યાપારિક સંબંધ પણ સામેલ છે. ખેડૂત અને વેપારીઓએ પાકિસ્તાનમાં ટમેટાં મોકલવાનું બંધ કરી દીધુ છે. જેમાં વલસાડ જિલ્લાના અંતરયાળ કપરાડા તાલુકામાં રોજના સરેરાશ ૧૮ ટન ટમેટાનું ઉત્પાદન થાય છે. જેમાંથી અમદાવાદ અને મહારાષ્ટ્ર મારફતે ૧૫૦૦ કિલો ટમેટાં પાકિસ્તાન મોકલવામાં આવે છે. હાલ ૧૫૦૦ કિલો ટમેટાં પાકિસ્તાનમાં જતાં બંધ કરી દેવામાં આવ્યાં છે. કપરાડા વેપારી અને ખેડૂતોમાં પાકિસ્તાન સામે ભારે આક્રોશ છે.

વલસાડ જિલ્લાના અંતરયાળ કપરાડાના ગામોમાં રહેતાં ખેડૂતો શાકભાજીના વ્યવસાય સાથે સંકળાયેલાં છે. ખાસ કરીને લોકર, આંબા જંગલ ,પીપલખેડ, મારવડ, વાવવેડી સહિતના ગામોમાં ટમેટાંનું સૌથી વધારે ઉત્પાદન થાય છે. કપરાડાથી લઈ નાસિક બોર્ડર સુધીના ગામોમાં ટમેટાંનું સારુ ઉત્પાદન થાય છે. સરેરાશ ૧૮ ટન ટમેટાંના ઉત્પાદનમાંથી ૬૦ ટકા માલ વલસાડ તથા આજુબાજુના વિસ્તારમાં વેચાણ કરવામાં આવે છે. જ્યારે ઉથી ૪ ટન માલ મહારાષ્ટ્ર અને અમદાવાદ મોકલી અન્ય દેશોમાં મોકલવામાં આવે છે.

સ્થાનિક વેપારીઓના જણાવ્યાં મુજબ કપરાડાના (દોઢ ટન) ૧૫૦૦ કિલો ટમેટાં પાકિસ્તાનમાં પણ મોકલવામાં આવે છે, પરંતુ હાલ અમદાવાદ અને મહારાષ્ટ્રથી પાકિસ્તાનમાં જતો માલ બંધ કરી દેવામાં આવ્યો છે. જેથી કપરાડાના ૧૫૦૦ કિલો ટમેટાં પણ પાકિસ્તાન જતાં બંધ થઇ ગયાં છે. આમ આંતકવાદી ઘટનામાં ૪૦ જવાનો શહીદ થવાની ઘટના બાદ સ્થાનિક ખેડૂતો અને વેપારીઓમાં પણ ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. મોટા વેપારીઓ જ પાક.માં માલ જવા દેતા નથી.

તંત્રી સ્થાનેથી...

ઈમરાનની મનોદશા

પૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર ઈમરાન ખાન પાકિસ્તાનના વડાપ્રધાન બન્યા બાદ પ્રથમ વખત સૌથી મોટા પડકારનો સામનો કરી રહ્યા છે. જમ્મુ કાશ્મીરના પુલવામા ખાતે સીઆરપીએફના કાફલા પર ત્રાસવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યા બાદ ભારતીય હવાઈ દળે જે રીતે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ઘુસીને ત્રાસવાદી અડ્ડાઓ પર હુમલા કર્યા છે તેના કારણે વિશ્વના દેશો સામે ઈમરાન શરમજનક સ્થિતીમાં મુકાઈ ગયા છે. તેમના પર દેશના લોકો દ્વારા પણ વ્યાપક દબાણ છે. પાકિસ્તાનમાં ચૂંટણી યોજાઈ હતી ત્યારે ઈમરાનની પાર્ટી તહેરીકે ઈન્સાફને સૌથી વધારે બેઠકો મળી હતી. સાથી પક્ષોના સહકાર સાથે ઈમરાન ખાન વડાપ્રધાન બની ગયા હતા. એક સ્પોર્ટસમેન વડાપ્રધાન બન્યા બાદ તમામ લોકો માની રહ્યા હતા કે સંબંધોમાં સુધારો થઈ શકે છે. જો કે આ આશા દેખાઈ રહી નથી. હવે ઈમરાનની સરકાર બન્યા બાદ પણ ત્રાસવાદી ગતિવિધી જારી રહી છે. હુમલા અને વિસ્ફોટક સંબંધ વચ્ચે ચર્ચા છે કે ભારત સાથેના તેમના સંબંધ કેવા રહેશે. પરંતુ હાલમાં જે રીતે વિરોધાભાસી અહેવાલો આવી રહ્યા છે તેનાથ લાગે છે કે ઈમરાનની મનોદશા દુવિધાવાળી બનેલી છે. ઈમરાન દુવિધામાં દેખાઈ રહ્યા છે. સેના અને કટ્ટરપંથીઓની મદદથી ઈમરાન ખાનની સામાન્ય ચૂંટણીમાં જીતી થઈ હતી. ઈમરાનની વારંવાર બદલાતી ઈચ્છા પાછળ કટ્ટરપંથીઓનુ દબાણ હોઈ શકે છે તેવા અહેવાલ પણ કેટલીક વખત આવી રહ્યા છે. સાથે સાથે ઈમરાનના વલણને લઈને પણ પ્રશ્નો થઈ રહ્યા છે. આમાં કોઈ શંકા નથી કે ભારત અને પાકિસ્તાનમાં ક્રિકેટ માત્ર એક ખેલ નથી. હમેંશા ક્રિકેટ ઉન્માદ રાજનીતિ પર ભારે પડે છે. આ જ ઉન્માદને જગાવવાના કારણે રાજકીય સંબંધ હમેંશા ખરાબ થતા રહ્યા છે. એકબીજાના ખેલાડીઓની પ્રશંસા આજે દેશદ્રોહી માની લેવામાં આવે છે. બે દશક પહેલા સુધી ભારતીય યુવા ખેલાડીના ઘરમાં પણ પાકિસ્તાની ખેલાડીઓના ફોટો જોવા મળતા હતા. પાકિસ્તાનમાં ઘુસી ભારતીય હવાઈ દળે તમામ ત્રાસવાદી અડ્ડાઓને ફુંકી મારવામાં આવ્યા બાદ પાકિસ્તાન હવે કઈ રીતે આગળ વધે છે તેના પર તમામની નજર છે. આકમક નિવેદન પણ થઈ રહ્યા છે. બીજી બાજુ વાતચીતની વાત પણ તેમના નેતા દ્વારા કરવામાં આવી રહી છે. આવી સ્થિતીમાં ઈમરાનની દુવિધાને સમજી શકાય છે. ઈમરાને હાલમાં હુમલો કરવામાં આવ્યા બાદ કહ્યુ હતુ કે પાકિસ્તાનને જો ત્રાસવાદી હુમલા અંગે પુરાવા આપવામાં આવશે તો તે ચોક્કસપણે કાર્યવાહી કરશે. જો કે પાકિસ્તાનના વડાપ્રધાનની વાતની નોંધ લીધા વગર ભારતીય હવાઈ દળ દ્વારા હુમલા કરવામાં આવ્યા હતા. આ હુમલામાં ૩૫૦ ત્રાસવાદીઓના મોત થયા હતા. બંને દેશો વચ્ચે હાલમાં સંબંધો ખુબ વિકટ બનેલા છે. યુદ્ધ જેવી સ્થિતી સર્જાઈ ગઈ છે. પાકિસ્તાન દ્વારા વાતચીતની વાત થઈ રહી છે પરંતુ સાવધાન રહેવાની જરૂર છે. ઈમરાન ત્રાસવાદ અને કટ્ટરપંથીઓ સામે કાર્યવાહી કરવાની સ્થિતીમાં બિલકુલ દેખાઈ રહ્યા નથી. જે કમનસીબ છે.

અપરિપક્વ અને બિનલોકશાહી વ્યવસ્થા મારફતે સંબંધો ક્યારેય સુધારી ન શકાય

ત્રાસવાદી અડ્ડાઓને ફુંકી મારવા ભારતના હવાઈ હુમલા ઐતિહાસિક

નવા શક્તિશાળી ભારતનો સાફ સંદેશો



સરહદ પાર કરીને ત્રાસવાદી અડ્ડાઓને ફુંકી મારી ભારતે સાહસનો પરિચય આપ્યો છે : અચુક રહેતા બોંબનો ઉપયોગ કરવામાં આવ્યો

પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં અનેક ત્રાસવાદી અડ્ડાઓને ફુંકી મારવામાં આવ્યા બાદ ભારતની કાર્યવાહીને ઐતિહાસિક ગણવામાં આવે છે. હવાઈ હુમલાઓ કરીને ભારતે નવા અને શક્તિશાળી ભારતનો સંદેશ દુનિયાના દેશોને આપી દીધો છે. તમામ નિષ્ણાંતો કહે છે કે વર્ષ ૧૯૭૧ બાદ ભારતીય હવાઈ દળે ક્યારેય કોઈ યોજના બનાવીને અંકુશ રેખા પાર કરીને હુમલો કર્યો નથી. વર્ષ ૧૯૯૯માં કારગિલ યુદ્ધ દરમિયાન ભારતીય હવાઈ દળે ભૂમિકા અદા કરી હતી પરંતુ તેને સુચના આપવામાં આવી હતી કે કોઇ કિંમતે સરહદ પાર કરવામાં ન આવે. વાયુ સેનાની કાર્યવાહીનુ વ્યાપક અને મનોવૈજ્ઞાનિક મહત્વ રહેલુ છે. ત્રાસવાદી હુમલો પુલવામા ખાતે કરવામાં આવ્યા બાદ ભારત પર જવાબી કાર્યવાહી કરવાનુ દબાણ હતુ. પરંતુ કોઈ પણ વ્યક્તિને આવી અપેક્ષા ન હતી કે ભારતીય હવાઈ દળ સરહદ પાર કરીને ત્રાસવાદીઓના અડ્ડાને ફુંકી મારશે. ભારતીય હવાઈ દળે ચોક્કસ બાતમીના આધાર પર પોકમાં કાર્યવાહી કરી હતી. ભારતીય યુદ્ધ વિમાનોએ ગઈકાલે વહેલી પરોઢે બાલાકોટ, ચકોટી અને મુઝફ્ફરાબાદમાં જેશના અડ્ડાઓ પર હુમલો કર્યો હતો. ૧૨ મિરાજ ૨૦૦૦ વિમાનો મારફતે ગઈકાલે વહેલી પરોઢે ૩.૪૫ વાગે હુમલા કર્યા હતા. હવાઈ હુમલા ૨૧ મિનિટ સુધી કરવામાં આવ્યા હતા. જેશે પુલવામા ખાતે સીઆરપીએફના કેમ્પ પર કરવામાં આવેલા હુમલાની જવાબદારી લીધી હતી. તે પહેલા પઠાણકોટ, ઉરી અને અન્ય કેટલાક હુમલામાં પણ તેની સીધી સંડોવણી હતી. ૧૩મી ડિસેમ્બર ૨૦૦૧ના દિવસે સંસદ પર ત્રાસવાદી હુમલા પણ તેના દ્વારા જ કરવામાં આવ્યા હતા. જેથી આ વખતે ભારતીય કાર્યવાહીનો શિકાર પણ જેશના અડ્ડાઓ જ બન્યા હતા. પાકિસ્તાન શુ કહે છે તે બાબત અમારા માટે મહત્વ રાખતી નથી. અંદાજ છે કે ૩૫૦ ત્રાસવાદીઓ માર્યા ગયા છે. પાકિસ્તાની નાગરિકોને કોઈ નુકસાન ન થાય તે માટે ગંભીરતા દર્શાવવામાં આવી હતી. નાગરિકોને નુકસાન ન થાય તે માટે લેજર ગાઈડેડ બોંબ ઝીંકવામાં આવ્યા હતા. લક્ષ્ય અચુક રાખવામાં આવ્યા હતા. કાર્યવાહી દરમિયાન જે એરબર્ન અર્લી વોર્નિંગ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે ઈઝરાયેલ પાસેથી ખરીદવામાં આવી છે. હવાઈ દળે પોતાની કાર્યવાહી ત્રાસવાદી અડ્ડા સુધી કેન્દ્રિત રાખી હતી. જેથી પાકિસ્તાન અથવા તો દુનિયાના કોઈ દેશ કોઈ દેશ પર હુમલા તરીકે આને જોવુ જોઈએ નહીં. પાકિસ્તાનમાં ત્રાસવાદી કેમ્પ ચાલી રહ્યા છે જેથી ભારતને પોતાના બચાવમાં કેમ્પોને નષ્ટ કરવાનો અધિકાર છે. વર્તમાન ભારત હવે વિતેલા વર્ષો જેવી ભુલમાં રહેવા માંગતુ નથી. ભારત હવે આગળ પાછળ શુ થશે તે બાબતને લઈને માનસિકતામાં રહેવા માટે ઈચ્છુક નથી. ઉરી હુમલો કરવામાં આવ્યા બાદ ભારતે ૨૮-૨૯ સપ્ટેમ્બરના દિવસે પાકમાં સર્જિકલ સ્ટ્રાઈક કરીને પોતાના વલણમાં ફેરફાર કરી દીધા છે. ભારતે સંદેશ આપી દીધો છે કે તે હવે વિશ્વના શક્તિશાળી દેશો પૈકી એક છે. ભારતના કઠોર સંદેશને જો પાકિસ્તાન નહીં સમજે તો આ બાબત તેના માટે ખતરનાક સંકેત સમાન છે. સર્જિકલ સ્ટ્રાઈક પણ ઉરી હુમલાના ૧૨ દિવસ બાદ કરવામાં આવ્યા હતા. હવે પુલવામાં હુમલા બાદ હવાઈ દળે પોકમાં ઘુસીને કાર્યવાહી કરી છે. તમામ લોકો હવે માની રહ્યા છે કે ભારત હવે તેના પરાક્રમ જારી રાખશે. નજીકના ભવિષ્યમાં બાહવલપુર અને લશ્કરે તોયબાના અન્ય કેમ્પો પર પણ હુમલા કરવામાં આવી શકે છે. પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં તોયબાના કેમ્પો આવેલા છે તેને લઈને પણ માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. જો પાકિસ્તાન ભારતના સંદેશને સમજીને ત્રાસવાદી અડ્ડાને ફુંકી મારશે તો ભારતના સંભવિત હુમલાના આક્રમક વલણથી બચી જશે. જમ્મુ કાશ્મીરના પુલવામા ખાતે ૧૪મી ફેબ્રુઆરીના દિવસે કરવામાં આવેલા ભીષણ ત્રાસવાદી હુમલાના ૧૨માં દિવસે આજે ભારતીય હવાઈ દળે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ઘુસીને જોરદાર હવાઈ હુમલા કરીને ત્રાસવાદીઓના તમામ કેમ્પો અને અડ્ડાઓને ફુંકી માર્યા હતા. ભારતીય હવાઈ દળે આજે વહેલી સવારે હવાઈ હુમલા કરીને ત્રાસવાદીઓ અને તેમના આકાઓને તેમની ઓકાત બતાવી હતી અને મિનિટોના ગાળામાં જ ત્રાસવાદી અડ્ડાઓને ફુંકી મારીને ૩૫૦થી પણ વધુ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. માર્યા ગયેલા ત્રાસવાદીઓમાં તેમના કમાન્ડરો, આકાઓ અને બોંબરોનો સમાવેશ થાય છે. પુલવામા હુમલાના ૧૨ દિવસ બાદ ત્રાસવાદી અડ્ડાઓને ફુંકી મારવા વહેલી પરોઢે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

પોક ખાલી કરવા માટે દબાણ લાવવાનો સમય

ટેરર કેમ્પો બંધ કરવા દબાણ

ત્યારબાદ બંને પોલીસ કર્મી પોતાનો જીવ બચાવીને ત્યાથી ભાગી છૂટ્યા હતા. આટલી ગંભીર ઘટના હોવા છતા ઉપરી અધિકારીઓએ આ મામલાને ગભીરતાથી લીધી ન હતી તેમજ લૂંટારુઓ વિરુદ્ધ કોઈ પણ પ્રકારની ફરિયાદ પણ ન નોંધી. તેઓ કોણ હતા, ક્યાથી આવ્યા હતા તે અંગે પણ તપાસ કરવામા આવી ન હતી. જેથી સ્થાનિક લોકોમાં પોલીસ સામે રોષનુ વાતાવરણ જોવા મળ્યું હતું.

યુવાશક્તિ એ દેશની જવાબદારી બૌદ્ધિક તાકાત : રાજ્યપાલ ઓ.પી. કોહલી

વીર નર્મદ યુનિવર્સિટીનો ૫૦મો પદવીદાન સમારોહ યોજાયો

સુરત

રાજયપાલ ઓ.પી.કોહલીના અધ્યક્ષસ્થાને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો ૫૦મો પદવીદાન સમારોહ યોજાયો હતો. કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ રાજયમંત્રી ડૉ. સત્યપાલ સિંહ તેમજ શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની ઉપસ્થિતિમાં આયોજિત પદવીદાન સમારોહમાં રાજય પાલશ્રીના હસ્તે વિવિધ વિદ્યાશાખામાં મેડલ અને પારિતોષિક મેળવનાર ૧૫૬ જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને પદકો-પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. ઉપરાંત જુદી જુદી શાખાના ૩૨૧૦૨ સ્નાતક-અનુસ્નાતક વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી.

યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે યોજાયેલા સમારોહમાં દિક્ષાંત પ્રવચન આપતાં રાજયપાલશ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું કે, યુવાશક્તિ એ દેશની જવાબદાર બૌદ્ધિક તાકાત છે. આપણા યુવાધનમાં પરિવર્તનના વાહક બનવાની સંપૂર્ણ ક્ષમતા છે.

શાળા-કોલેજ અને યુનિવર્સીટીના સુરક્ષિત વાતાવરણમાંથી બહાર નીકળી કારકિર્દીની પડકારજનક સફર તરફ આગળ વધવા માટે સજજ બનવાની સાથે તેમણે ઉપસ્થિત યુવાધનને નવા પડકારોનો સામનો કરીને સમાજ-દેશના હિત કાજે લક્ષ્યને હાંસલ કરવા આહ્વાન કર્યું હતું.

વીર નર્મદ યુનિવર્સિટીની સિદ્ધિઓની સરાહના કરતાં રાજ્યાપાલશ્રીએ જણાવ્યું કે, આ વિશ્વ વિદ્યાલય અભ્યાસની સાથોસાથ ખેલકૂદમાં પણ અગ્રેસર રહી છે. વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવાનું વિશ્વ વિદ્યાલયોનું દાયિત્વ છે, ત્યારે વિદ્યાર્થીએ પણ દેશ માટે બોજારૂપ નહી બનતા સામર્થ્યના પ્રતિક બની દેશને ઉચ્ચ શિખરે લઈ જવા તનતોડ મહેનત કરવાની અપીલ કરી હતી. કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ રાજયમંત્રી ડૉ.સત્યપાલ સિંહે જણાવ્યું હતું કે, નર્મદ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ કરતાં વિદ્યાર્થીનીઓની સંખ્યા વધુ છે. તે દેશ માટે શુભસંકેત છે. જે દેશની મહિલા સુરક્ષિત અને સન્માનિત છે એ દેશ સૌથી વધુ શક્તિશાળી હોય છે. ડિગ્રીઓ મેળવીને સંતોષ માની લેવાના બદલે યોગ્યતા પ્રાપ્ત કરવામાં નહી આવે તો મેળવેલી ડિગ્રીનું કોઈ મૂલ્ય નથી. શિક્ષણ એક નિરંતર પ્રક્રિયા છે, તેથી વિદ્યાર્થીએ હંમેશા શીખતા રહેવું જોઈએ. વ્યક્તિ ક્યારેય કોઈ પણ ક્ષેત્રમાં માસ્ટર બની શકતો નથી, પરંતુ ચારિત્ર્યના ધની બનવું, શિક્ષિત બની રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવું એ યુવાનું પહેલું લક્ષ્ય હોવું જોઈએ એમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી ડૉ. ધવલ પટેલ, પ્રો.વાઈસ ચાન્સેલરશ્રી ડૉ.ભાસ્કર રાવલ, ઈ.રજીસ્ટ્રાર શ્રી એ.વી. ઘડૂક, વિભાગીય વડાઓ, યુનિવર્સિટીના પદાધિકારી ઓ સહિત વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

૧૦૮ના કર્મચારીએ પ્રમાણિકતા દાખવી, અકસ્માત બાદ પરિવારને પરત કર્યા રૂ.૧ લાખ

ભરૂચ

ભરૂચ જિલ્લાના ખરોડ પાસે આવેલા પેટ્રોલપંપ નજીકના રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર ટ્રક ચાલકે બાઈક સવારને અડફેટમાં લીધો હતો. અને અકસ્માત બાદ ટ્રક ડ્રાઈવર ટ્રક લઈ ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારી ઘટના સ્થળે પહોંચી ગયા હતા. જયાં બાઈક ઉપર સવાર ચાલકની હાલત ગંભીર હોવાથી તેને સારવાર અર્થે ખસેડાયો હતો.

મુળ ઉત્તર પ્રદેશના અને અત્યારે કોસંબા ખાતે રહેતા રવી મિશ્રાને ૧૦૮ ઈમર્જન્સી સેવા દ્વારા જયાબેન મોદી હોસ્પિટલ ખાતે સારવાર માટે લવાયો હતો. દર્દી રવી મિશ્રાના ગજવામાંથી રોકડ રકમ તેમજ સોનાની ચેઈન અને સોનાની વિંટી મળી કુલ ૧ લાખ રૂપિયાની મતા મળી આવી હતી. ૧૦૮ ઈમર્જન્સી સેવાના કર્મચારીઓએ આ તમામ રોકડ રકમ તેમજ સોનાના ઘરેણા દર્દીના સગા-સંબંધીઓને પરત આપી પ્રમાણિકતાનું ઉદાહરણ પુરુ પાડ્યું હતું.

સાબરમતી જેલના ૨૪ સહિત કુલ ૨૫૦ કેદી બોર્ડની પરીક્ષા આપશે

અમદાવાદ

રાજયભરમાં ૧૮ લાખથી વધુ વિદ્યાર્થીઓ માર્ચમાં યોજાનારી ધોરણ દસ અને બારની પરીક્ષા આપશે. જેમાં ૨૫૦થી વધુ કેદીઓનો પણ સમાવેશ થાય છે. અમદાવાદ સાબરમતી જેલના ૨૦ કેદીઓ ધોરણ દસની અને ચાર કેદી ધો.૧૨ની પરીક્ષા આપશે. જેમાં એક મહિલા કેદીનો સમાવેશ થાય છે. કુલ ૨૪ કેદીમાં ૫૦ ટકાથી વધુ કેદીઓ ૪૦ વર્ષ આસપાસના છે.

રાજયની જેલના ૨૫૦થી વધુ કેદી પણ પરીક્ષા આપશે, જેમાં અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરતની જેલના કેદીનો સમાવેશ થાય છે. બોર્ડ સત્તાવાળાઓ દ્વારા કેદી પરીક્ષાર્થીઓ માટે પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

આ અંગે સાબરમતી સેન્ટ્રલ જેલના અધિક સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ ડો. એમ.કે. નાયકે જણાવ્યું હતું કે જેલમાં રહીને અભ્યાસ કરતા કેદીઓ તેમના અભ્યાસની તૈયારીઓ માટે બેરેકમાં રહીને પણ વાંચન કરે છે, જેની પાછળ તેઓ ૫ થી ૭ કલાક જેટલો સમય ફાળવે છે. આ ઉપરાંત કેદીઓને બેરેકમાં વાંચવા માટે લાઈબ્રેરીમાંથી બુક પણ અપાય છે, જે વાંચીને ફરી ત્યાં જ મૂકવાની રહે છે. આ વર્ષે પણ બોર્ડ પરીક્ષાને લઈ કેદીઓમાં ઉત્સાહ છે.

આ પરીક્ષા આપવા માટે ૨૫૦ જેટલા વિવિધ ગુનાઓમાં સજા કાપી રહેલા કેદીઓ દ્વારા પણ આવેદનપત્ર ભરવામાં આવ્યાં છે. શિક્ષણબોર્ડના ચેરમેન એ.જે. શાહે આ અંગે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું છે કે આ લોકોની પરીક્ષા ક્યાં અને કેવી રીતે લેવી તે અંગે ગૃહ વિભાગની ભલામણ બાદ જ નિર્ણય કરવામાં આવે છે.

સૌરાષ્ટ્રમાં કેરીના પાકને નુકસાન

રાજ્યમાં અષાઢી માહોલ, કમોસમી વરસાદથી શિયાળું પાકને નુકસાન

અમદાવાદ-કચ્છ

સૌરાષ્ટ્રમાં સતત બીજા દિવસે વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. ત્યારે માંગરોળ અને ગીરસોમનાથ પંથકમાં ગાજવીજ સાથએ ધોધમાર વરસાદ વરસ્યો હતો. વરસાદથી રસ્તા પર પાણી ફરી વળ્યા હતા. કમોસમી વરસાદથી કેરીના પાકને મોટુ નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. આથી ખેડૂતોમાં પણ ચિંતાનું મોજુ પ્રસર્યું છે. જ્યારે અમરેલી જિલ્લામાં ઝાપટુ વરસતા રસ્તાઓ ભીંજાયા હતા.

ગીર-સોમનાથ અને વેરાવળ સહિત આજુબાજુના પંથકમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે. વહેલી સવારે અચાનક ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. કમોસમી વરસાદે ખેડૂતોની કમર ભાંગી નાખી છે. ઘઉં, ચણા, તુવેર સહિતના પાકને વ્યાપક અસર જોવા મળી રહી છે. કમોસમી વરસાદને કારણે ધરતીપુત્રો બેહાલ બન્યા છે. માંગરોળ સહિત દરીયાઈ વિસ્તારમાં વાતાવરણમા પલટો જોવા મળી રહ્યો છે. રાત્રિ દરમિયાન મોટાભાગના વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો.

રાજ્યના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. ત્યારે સમગ્ર રાજ્યમાં વાદળછાયુ વાતાવરણ જોવા મળી રહ્યુ છે. કેન્દ્ર શાસિત પ્રદેશ દિવમાં પણ કમોસમી વરસાદ જોવા મળ્યો. દિવમાં કમોસમી વરસાદ થતા ખેડૂતોમાં ચિંતા વધી છે. ખેડૂતોમા ચિંતા વધી છે કે પાકને નુકસાન ના થાય.

જાફરાબાદના ટીંબી ગામે પણ વહેલી સવારે ઝરમર વરસાદ વરસ્યો હતો. આથી જીરૂ, ઘઉં, ચણા અને કેરીના પાકને નુકસાન પહોંચતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. કેરીમાં મોર બેસી ગયા હોય વરસાદથી ખરી પડતા ઉત્પાદન ઘટવાની શકયતા છે. કચ્છમાં ક્યાંક હળવો તો ક્યાંક ધોધમાર વરસાદ પડયો હતો. ભુજ, માંડવી, નખત્રાણા, અબડાસા, લખપત, અંજાર, ગાંધીધામ, રાપર, ભચાઉ સહિતના તાલુકા વિસ્તારોમાં વરસાદ પડયો હતો.અબડાસાનાં વાયોર પંથકમાં કરા પડયા હતા.

અમદાવાદમાં મંગળવારે બપોર બાદ વાતાવરણમાં પલટો આવ્યા બાદ કાળાડિબાંગ વાદળો ચડી આવ્યા હતા. બાદમાં તોફાની પવન ફૂંકાતાં ધૂળની ડમરીઓ ઊડી હતી જેને લઈ લોકો પરેશાન થઈ ગયા હતા. સાબરકાંઠા જિલ્લાનું વાતાવરણ પલટાયું છે. હિમતનગરમાં પવન અને ગાજવીજ સાથે વરસાદ થયો હતો. શીયાળાની સિઝનના અંતિમ દિવસોમાં વરસાદી માવઠા થયા હતાં. આ વરસાદી ઝાપટાથી વાતાવરણમાં ફરી ઠંડક પ્રસરી હતી. રાજ્યમાં એકાએક વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. ત્યારે ભરૂચમાં વરસાદી વાતાવરણ જોવા મળ્યુ હતું. ભરૂચ શહેર અને જિલ્લામાં કેટલાય સ્થળો પર કમોસમી વરસાદ પડ્યો હતો.

ખેલે ગુજરાત સ્કૂલ-કોલેજનો સ્પોર્ટસ લીગની ઓનલાઈન રજીસ્ટ્રેશનની તારીખ લંબાઈ

૧૫ ફેબ્રુઆરીને બદલે ૧૧ માર્ચે રાખવામાં આવી

સુરત

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજીત ખેલે ગુજરાત સ્કુલ/કોલેજના સ્પોર્ટસ લીગના ઓનલાઈન રજીસ્ટ્રેશનની અંતિમ તા.૧૫/૨/૨૦૧૯ રાખવામાં આવી હતી પરંતુ હવે ઓનલાઈન રજીસ્ટ્રેશન તારીખ લંબાવીને તા.૧૧/૩/૨૦૧૯ રાખવામાં આવી છે. જેથી બાકી રહેલા શાળા/કોલેજના ખેલાડીઓએ રૂા.૧૬૦૦ના ડિમાન્ડ ડ્રાફટ સચિવશ્રી સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરના નામનો તથા રજીસ્ટ્રેશન ફોર્મ અને ખેલાડીઓના એલીજીબીટી ફોર્મ આચાર્યના સિક્કા સાથે સીનીયર કચો, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રની કચેરી, નગર પ્રાથમિક શાળા, ૮/૯ના કમ્પાઉન્ડમાં, આઈ.ટી.આઈ. પાછળ, મજુરાગેટ, સુરત ખાતે મોકલી આપવાના રહેશે.

નવસારી ખાતે એક શામ શહીદો કે નામ કાર્યક્રમ યોજાશે

નવસારી

નવસારી મિડીયા ગ્રુપ દ્વારા આયોજીત નવસારી જિલ્લાના મા કલા મ્યુઝીશિયન ના સથવારે તા.૦૨ જી માર્ચ-૨૦૧૯ શનિવારના રોજ સાંજે ૬-૦૦ કલાકે સરકીટ હાઉસથી પ્રસંગ પાર્ટી પ્લોટ સુધી મશાલ રેલી યોજાશે. તેમજ સાંજે ૬-૩૦ કલાક દેશભકિતના ગીતોનો કાર્યક્રમ પ્રસંગ પાર્ટી પ્લોટ, રાશી મોલની સામે, પારસી હોસ્પિટલની સામે, નવસારી ખાતે યોજાશે.

આ કાર્યક્રમ પુલવામામાં આતંકી હુમલામાં શહીદ થયેલ વીર જવાનોને દેશભકિત ગીતો દ્વારા ભાવભીની શ્રધ્ધાંજલિ અપાશે. આ તકે નવસારી જિલ્લાના ૧૦ સૈનિકો, નિવૃત્ત સૈનિકો પણ જોડાશે. આ અવસરે પુલવામામાં શહીદ થયેલ રાજસ્થાનના ૨ સૈનિકોના પરિવાર ખાસ ઉપસ્થિત રહેશે. નવસારી જિલ્લાના દરેક ધર્મના ધર્મગુરુઓ પણ ઉપસ્થિત રહી, શ્રધ્ધાંજલિ આપશે.

આ કાર્યક્રમના આયોજન માટે વિવિધ સંસ્થાઓ, વ્યકિતઓ તેમજ નગરજનો દ્વારા આજદિન સુધીમાં રૂ.૪ લાખથી વધુ રકમ એકત્રિત કરવામાં આવી છે. એકત્રિત થયેલ રકમ શહીદોના પરિવારને એનાયત કરવામાં આવશે.

હવે ભારતે છુપાયેલા ગદ્દારોથી સાવચેત રહેવું પડશે..

આખરે ભારતની વાયુસેનાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આદેશ મળતા પુલવાનો બદલો લઈ ને પાકિસ્તાનની એવી હાલત કરી નાખી કે પાકિસ્તાન અને ઈમરાન ખાન બંનેની હાલત ધોબીના કૂતરા જેવી કરી નાખી કે... ના ઘર કે ના ઘાટકે....! ભારતના હુમલાથી ગભરાઈને બની શકે કે આ કુતરો હવે પાગલ થઈ જશે અને ભારતના વિરુદ્ધમાં કોઈ હરકત કરી શકે છે ભારતના લોકો પુલવામાં હુમલાનો બદલો લેવાનુ ઈચ્છતા હતા કે પાકિસ્તાન અને આતંકવાદીઓને તેમની નાની મામી બધું જ યાદ આવી જાય અને બન્યું પણ એવું જ ભારતે પાકિસ્તાનને તેના ઘરમાં ઘુસી જઈને ખંખેર્યું એકીસાથે ૩૦૦ મસૂદ માર્યા ગયા મસૂદ એટલા માટે આ આતંકનુ બીજું નામ હવે મસૂદ અઝહર છે જેણે પાકિસ્તાનના કહેવાથી પુલવામાં હુમલો કરીને ભારતના ૪૦ થી વધુ જવાનો ને શહીદ કરી પોતાની કબર ખોદવાનું કામ કર્યું છે તેમના ૩૦૦ આતંકી માર્યા ગયા પછી હવે તેનો વારો છે તે ચાહે ગમે તેટલો છુપાવાના પ્રયત્નો કરે ભારત તેને છોડવાનુ નથી અહીંયા વડાપ્રધાનના એ શબ્દો દોહરાવવા યોગ્ય છે કે અમે કોઈને છેડતા નથી અને જે અમને છંછેડે તેને અમે પરિણામ સુધી છોડતા નથી.....!

ભારતે જે કર્યું તેના માટે ભારતીય વાયુ સેનાના એ ૧૨ લડાકુ વિમાનના પાયલોટોને સલામ. તેમણે જડબાતોડ જવાબ આપ્યો હવે ભારત અને ભારત ના લોકોને વધુ સતર્ક રહેવું પડશે પાકિસ્તાન ભારત ઉપર સીધો હુમલો કરવાની હિંમત નહીં કરે પરંતુ ભારતમાં ભારતના કેટલાક ગદ્દારો થી ભારતને નુકસાન પહોંચાડવાનું કામ કરી શકે છે આવા ગદ્દાર કોઈ પણ મહોરુ પહેરીને આપણી વચ્ચે રહેતા હોય છે જે ભારતનુજ ખાઈને ભારતથી જ ગદ્દારી કરે છે આ એવા લોકો છે કે જો લાહોર માં વરસાદ પડે તો અહીંયા પોતે આકરા તાપમાં છત્રી ખોલી નાખે છે આવા લોકોનો કોઈ ધર્મ નથી હોતો દરેક ધર્મના લોકો માં આવા ગદ્દારો મળશે જે કોઈને કોઈ લાલચમાં આવીને ભારત સાથે ગદ્દારી કરી પાકિસ્તાનને મદદ કરતા રહે છે પાકિસ્તાન હવે આવા ગદ્દારો થી કામ કરાવશે એટલા માટે તમામ લોકોએ સતર્ક અને સાવચેત રહેવું પડશે કોઈ એવી હરકતની ખબર પડે તો તુરંત પોલીસને જાણકારી આપે ભારતના હુમલા પછી પાકિસ્તાન કોઈપણ હદ સુધી જઈ શકે છે.

કેન્દ્ર સરકારની સાથે તમામ રાજય સરકારો પણ સતર્ક છે સાવચેત છે ખાસ કરીને પાકિસ્તાનની સીમા થી જોડાયેલા કે સીમા નજીકના રાજ્યોમાં વધુ ચોકસાઈ રાખવાની જરૂર છે પોલીસ પ્રશાસન તંત્ર અને મોટા શહેરોથી લઈને નાના ગામડાઓ અને કસબાઓ સુધી નાગરિકોએ હોશિયાર અને ખબરદાર રહેવું પડશે ભારતનો આ જીતનો ઉત્સવ શોકમા પરિવર્તન કરવાની દરેક પ્રકારની કોશિશ પાકિસ્તાન અને તેની સાથે મળેલા ગદ્દારો દ્વારા થઈ શકે છે.. કંઈ પણ બની શકે છે.. બની શકે કે ચૂંટણીઓમાં પણ અડચણો ઊભી કરવાના પ્રયત્નો પણ કરે...જે કોઈ મોટી ઘટનાને અંજામ આપીને થઈ શકેછે, પોતાની શેરી.. પોતાનો મહોલ્લો.. પોતાના શહેરોમાં એરપોર્ટ, બસ મથક, રેલવે સ્ટેશન કે જ્યાં મોટી સંખ્યામાં લોકો એકઠા થાય તે તમામ જગ્યા પર વધુ સાવધાની રાખવી પડશે બાજ નજર હશે તો દુર્ઘટના ટળે ની જેમ આપણે ચારો તરફ બાજ નજર રાખવી પડશે ભારતના ગદ્દારો... ખબરદાર અગર આવી કોઈ હરકત કરશો તો અત્યારે ૩૦૦ મસૂદોના જે હાલ થયા એવા હાલ તમારા થશે કેમકે " યે નયા ભારત હૈ...જો દુશ્મનોકો ઘરમે ઘુસ કર મારતા હૈ....!

ઝારખંડનાં બોમ્બ બ્લાસ્ટમાં સંડોવાયેલા નકસલીની ધરપકડ

અમદાવાદ

ગુજરાતનાં એટીએસને મોટી સફળતા મળી છે. ગુજરાત એટીએસએ ઝારખંડનાં ધનબાદમાં બોમ્બ બ્લાસ્ટમાં સંડોવાયેલા નકસલી સીતારામ માઝીની ધરપકડ અમદાવાદનાં દસક્રોઈમાંથી કરી લીધી છે. આ નકસલી ૬ વર્ષથી વોન્ટેડ હતો.

આ મામલે મળતી માહિતી પ્રમાણે નકસલી સીતારામ માઝીની ધરપકડ અમદાવાદનાં દસક્રોઈ તાલુકાનાં રણોદરા ગામમાં રહેતો હતો. તે પોતાની ઓળખ છુપાવવા માટે સામાન્ય માણસની જેમ સ્ટીલની ફેક્ટરીમાં છુપાઈને કામ કરતો હતો. તે અમદાવાદમાં છેલ્લા ૧ વર્ષથી છુપાયેલો હોવાનો ખુલાસો કરવામાં આવ્યો છે. હાલ ગુજરાત એટીએસે તેની સાથે પૂછપરછ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

આ નકસલી ઝારખંડમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં સંડોવાયેલો હતો અને તેની પર એક લાખ રૂપિયાનું ઈનામ રાખેલું હતું. ઝારખંડમાં નકસલીઓએ ધનબાદ-ગયા રેલવે લાઈન પર ચૌધરીબાંધ અને ચિંગડો રેલવે સ્ટેશનની વચ્ચેનો રેલવે ટ્રેક શક્તિશાળી વિસ્ફોટકથી ઉડાવી દેતાં હાહાકાર મચી ગયો હતો.

મિની કુંભનો પ્રારંભઃ એસટીની વધારાની બસો અને ત્રણ ટ્રેનો દોડાવાશે

જુનાગઢ

જૂનાગઢના ગિરનારની તળેટીમાં મિની કુંભમેળાનો પ્રારંભ થયો છે. સાત દિવસ સુધી ચાલનારા આ મેળામાં લાખો ભકતો ઉપસ્થિત રહેશે. આ મેળાને મિની કુંભ જાહેર કરાયો છે. લાખો ભકતો આ મેળામાં આવી પહોંચશે, તેના માટે ત્રણ સ્પેશિયલ ટ્રેન અને એસટીની ૫૦ એકસ્ટ્રા બસ દોડાવવામાં આવશે.

ગિરનારના સાંનિધ્યમાં આવેલા ભવનાથ પાસેના ભારતી આશ્રમમાં ૫૦ લાખ રુદ્રાક્ષનું શિવલિંગ તૈયાર કરાયું છે, જેની પૂજા-અર્ચના રાજયપાલ ઓ.પી. કોહલીના હસ્તે સંપન્ન થયા બાદ દર્શનાર્થીઓ માટે ખુલ્લું મુકાયુ. દેશભરમાંથી આવેલા નાગા બાવાઓનાં ઉતારા મંડળ ધમધમતાં થયા. મીની કુંભમેળામાં ૩ દિવસ સંત સંમેલનનું અને ૩ દિવસ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું છે તેમજ મેળા દરમિયાન લાઈટ અને સાઉન્ડ શો પણ યોજાશે. દેશ-વિદેશ અને ભારતમાંથી પણ અનેક ભકત ભાગ લેશે. પ્રખ્યાત સૌરાષ્ટ્રના ગિરનારની ગોદમાં આવેલા 'સતાધાર ધામ-આપા ગીગાની જગ્યા' અને 'આપા ગીગાનો ઓટલો-ચોટીલા' દ્વારા મેળામાં મહાશિવરાત્રીના વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ દરમિયાન ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ સાથે ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણી પણ વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે તેમજ દરેક અખાડાના સાધુ-સંતો-મહંતો તેમજ નાની-મોટી દરેક જગ્યાના સંતો-મહંતો પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

ટોચના દેશોએ ભારતની આતંકવાદ વિરૂદ્ધ કરેલી કાર્યવાહીને સમર્થન આપ્યું

ન્યુ દિલ્હી

ભારતે પાકિસ્તાનના ઘરમાં ઘુસીને કરેલી એર સ્ટ્રાઈક બાદ વૈશ્વિક ફલક પર પાકિસ્તાન એકલુંઅટૂલું પડી ગયું છે. દુનિયાના ટોચના દેશો અમેરિકા, રશિયા, ફ્રાન્સ, ઓસ્ટ્રેલિયા અને ચીન સહિતના દેશોએ ભારતની આતંકવાદ વિરૂદ્ધ કરેલી કાર્યવાહીને સમર્થન આપ્યું છે. જ્યારે કે પાકિસ્તાનને તેમની ધરતી પર ધમધમતા આતંકના અડ્ડાઓ અને આતંકના આકાઓ વિરૂદ્ધ કાર્યવાહી કરવા ચેતવણી આપી છે.

પુલવામાના આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાનના ઘરમાં ઘુસીને કરેલી એર સ્ટ્રાઈકને દુનિયાના તમામ ટોચના દેશોએ સમર્થન આપ્યું છે. સાથે જ તેઓએ આતંકવાદને પનાહ આપવા મુદ્દે પાકિસ્તાનની ઝાટકણી કાઢતા વૈશ્વિક ફલક પર પાકિસ્તાન એકલુંઅટૂલું પડ્યું છે.

અમેરિકાના વિદેશપ્રધાન માઈક પોમ્પિયોએ જણાવ્યું કે ભારતે આતંકવાદ વિરોધી અભિયાન અંતર્ગત ૨૬ ફેબ્રુઆરીએ જે કાર્યવાહી કરી છે તેના પછી મેં ભારતીય વિદેશપ્રધાન સુષ્મા સ્વરાજ સાથે વાત કરી. ભારત સાથે અમારા નજીકના સંરક્ષણ સંબંધો છે. અમે બંને દેશો વચ્ચે શાંતિ જળવાઈ રહે તેમ ઈચ્છીએ છીએ. મેં પાકિસ્તાનના વિદેશપ્રધાન શાહ મહમૂદ કુરેશી સાથે પણ વાત કરી છે. પાકિસ્તાન પોતાની ધરતી પરથી આતંકવાદ ફેલાવી રહેલા આતંકી સંગઠનો વિરૂદ્ધ કડક પગલાં ભરે.

પાકિસ્તાનને હંમેશા છાવરતા રહેતા ચીને પણ પાકિસ્તાનને ફટકાર લગાવી. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવકતા લૂ કાંગે કહ્યું કે ભારત અને પાકિસ્તાન બંનેએ પરસ્પરના સંબંધો મજબૂત બને તેના પર ભાર મુકવો જોઈએ. બંને વચ્ચેના મૈત્રીપૂર્ણ સંબંધો શાંતિ, સ્થિરતા અને વિકાસ માટે જરૂરી છે. અમને આશા છે કે બંને દેશો તણાવ આગળ નહીં વધારે. પાકિસ્તાન આતંકવાદી અડ્ડાઓ પર કાર્યવાહી કરે અને રાજકીય લાભ ખાટવા આતંવાદ બંધ કરે.

ઓસ્ટ્રેલિયાએ પણ જૈશ અને લશ્કર-એ-તૌયબા જેવા સંગઠનો પર રોક લગાવવાની માંગણી કરી છે. ઓસ્ટ્રેલિયાના વિદેશપ્રધાન મેરીસ પેને કહ્યું કે, પુલવામાના આતંકી હુમલાના વિરોધમાં ભારતે પાકિસ્તાનના આતંકી અડ્ડાઓ પર હુમલો કર્યો છે. પાકિસ્તાને જૈશ-એ-મોહમ્મદ જેવા સંગઠનો વિરૂદ્ધ શક્ય તમામ પગલાંઓ ભરવા જોઈએ. તેમજ પાકિસ્તાન આંતકી સંગઠનોને કાનૂની રક્ષણ આપવાનું બંધ કરે અને તેમને પોતાની ધરતીનો ઉપયોગ ન કરવા દે.

તો ફ્રાન્સના વિદેશ મંત્રાલયે કહ્યું છે કે આતંકવાદની વિરૂદ્ધની લડાઈમાં ફ્રાન્સ ભારતની સાથે ઉભું છે. પછી તે લડાઈ ગમે તે સ્વરૂપમાં હોય. આતંકવાદીઓ પર કાર્યવાહી થવી જોઈએ અને તેનો આર્થિક સહયોગ કરનારા લોકોના મૂળ જ કાપી નાંખવા જોઈએ. સરહદ પાર આતંકવાદનો સામનો કરવા માટે ભારતે જે કાર્યવાહી કરી છે તે તેનો અધિકાર છે.

બીજી તરફ યુનાઈટેડ નેશન્સના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે કહ્યું કે ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. આવી સ્થિતિમાં બન્ને દેશોએ સંયમ રાખવો જોઈએ. યુએન સમગ્ર પરિસ્થિતિ પર ધ્યાન રાખી રહ્યું છે. બન્ને દેશ સાથે મળીને તુરંત હકારાત્મક પગલા ભરે. જો બંને દેશ રાજી થશે તો યુએન મધ્યસ્થી કરવા તૈયાર છે.

એલઓસી પાસેની સ્કૂલોમાં રજા જાહેર કરાઈ, ઈન્ટરનેટ સેવા બંધ

શોપિયામાં સુરક્ષાદળોએ જૈશના બે આતંકવાદીઓને ઠાર માર્યા

શ્રીનગર

પુલવામા આતંકવાદી હુમલા બાદ ભારતીય વાયુસેનાએ કરેલી એર સ્ટ્રાઈકથી પાકિસ્તાન બેબાકળું બની ગયું છે અને નિયંત્રણ રેખા પર સતત ફાયરિંગ કરી રહ્યું છે. જવાબમાં ભારતીય સેના પણ જડબાતોડ જવાબ આપી રહી છે. બીજી બાજુ દક્ષિણ કાશ્મીરના શોપિયાં જિલ્લામાં સુરક્ષા દળો અને જૈ શ-એ-મો હમ્મદના આતંકવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. જેમાં અત્યાર સુધીમાં જૈશ-એ-મોહમ્મદના ૨ આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યાં છે. મળતી માહિતી મુજબ રહેણાંક મકાનમાં બેથી ત્રણ આતંકવાદીઓ છુપાયા છે. આ ક્ષેત્રમાં આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળતા જ સેનાની ૨૩મી પેરામિલિટરી ફોર્સ. સીઆરપીએફ અને એસઓજીએ સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું. દક્ષિણ કાશ્મીરના શોપિયા જિલ્લાના મામંડરમાં સેના અને આતંકીઓ વચ્ચે સતત ફાયરિંગ કરવામાં આવી રહ્યું છે. ૨-૩ આતંકીઓએ આ વિસ્તારના મામંડરના એક ઘર પર કબજો જમાવીને ત્યાં છુપાયેલા છે. એકાઉન્ટરને ધ્યાનમાં રાખીને અહીંની ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવામાં આવી છે. હાલ ફાયરિંગ રોકાઈ ગયું છે અને અહીં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. જમ્મુ-કાશ્મીરના શોપિયાના મામંડરમાં આતંકીઓ સાથે સીઆરપીએફ, સેના અને રાજય પોલીસે આજે સવારે ૪.૨૦ વાગ્યાથી એકાઉન્ટર શરૂ કરી દીધું છે. સીમા પર વધતા તણાવને ધ્યાનમાં રાખીને પુંછ અને રાજૌરીમાં લાઈન ઓફ કંટ્રોલથી ૫ કિમી દૂર સુધીના વિસ્તારમાં આવતી દરેક સ્કૂલમાં રજા જાહેર કરી દેવામાંઆવી છે. આ વિસ્તારોમાં સીમા પારથી ગમેત્યારે ફાયરિંગ થઈ રહ્યું છે. મંજકોટ પુંછ, નૌશેરા, રાજૌરી, અખનૂર અને સ્યાલકોટ વિસ્તારોમાં સીમાપારથી ફાયરિંગ અને મોર્ટર છોડવામાં આવી રહી છે.

તંગદિલીની વચ્ચે પાક ડેપ્યુટી હાઈ કમિશનરને બોલાવાયા

પાકિસ્તાનના ડેપ્યુટી હાઈકમિશનર સૈયદ હૈદર શાહને સાઉથ બ્લોકમાં બોલાવી પાકિસ્તાની વર્તનની વાત કરાઈ

નવી દિલ્હી

પાકિસ્તાન તરફથી આજે સવારે હુમલાનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યા બાદ ભારતે પડોશી દેશ પાકિસ્તાનના હાઈકમિશનરને બોલાવવામાં આવ્યા હતા અને તેમની સમક્ષ વાંધાજનક પ્રશ્નો કરવામાં આવ્યા હતા. હાઈકમિશનરને બોલાવીને પાકિસ્તાનની હરકતો અંગે વાત કરવામાં આવી હતી. સાથે સાથે ભારતે ભાનમાં રાખવામાં આવેલા ભારતીય પાયલોટની સુરક્ષિત વાપસીની રજૂઆત કરી હતી. ભારતીય વિદેશ મંત્રાલય અને ગૃહ મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું છે કે, પાકિસ્તાન ભારતમાં લશ્કરી સ્થળોને ટાર્ગેટ કરવા હવાઈ દળનો ઉપયોગ કરી રહ્યો છે પરંતુ આ બાબતને ચલાવી લેવાશે નહીં. ભારત સરકારે તેના પાયલોટને પરત કરવા અને સલામત પરત કરવા માટે કહ્યું છે. જો કે, આ સંદર્ભમાં સત્તાવારરીતે જાણી શકાયું નથી. આજે સાંજે ભારતીય વિદેશ મંત્રાલય દ્વારા પાકિસ્તાનના ડેપ્યુટી હાઈકમિશનર સૈયદ હૈદર શાહને બોલાવીને તેમની સાથે વાત કરવામાં આવી હતી. સાઉથ બ્લોકના પાકિસ્તાનના પ્રિતિનિધિ આશરે ૫.૧૫ વાગે પહોંચ્યા હતા. અત્રે નોંધનીય છે કે, એક દિવસ પહેલા જ પાકિસ્તાનમાં ઘુસીને કાર્યવાહી કરવામાં આવી હતી. આજે પાકિસ્તાન દ્વારા હુમલાના પ્રયાસ કરાયા બાદ તેને નિષ્ફળ કરી દેવામાં આવ્યો હતો. ભારતે જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનના એક વિમાનને ફૂંકી માર્યું હતું. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવિશ કુમારે કહ્યું હતં કે, આ કાર્યવાહીમાં ભારતનું એક મિગ-૨૧ દુર્ઘટનાગ્રસ્ત થયું છે અને પાયલોટ લાપત્તા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતી જતી તંગદિલી વચ્ચે દુનિયાભરની નજર આ બે દેશ ઉપર કેન્દ્રિત થઈ ગઈ છે.

સુષ્મા સ્વરાજે ચીનમાં પાકિસ્તાનને આતંકવાદને લઈને ઘેર્યું

અમે પાક.ના આર્મી કેમ્પ નહીં, જૈશના કેમ્પને નિશાન બનાવ્યાઃ સુષ્મા સ્વરાજ

વિદેશ મંત્રીએ વધુમાં કહ્યું: 'આતંકની વિરૂદ્ધ નિર્ણાયક કાર્યવાહીનો સમય'

ન્યુ દિલ્હી-બેઈજીંગ

ભારત આંતરરાષ્ટ્રીય મંચો પર પાડોશી પાકિસ્તાનને આતંકવાદના મુદ્દા પર ફરી બરાબરનું ઘેરી રહ્યું છે. ૧૬મી રશિયા, ભારત, ચીન બેઠકમાં પુલવામા આતંકી હુમલાનો ઉલ્લેખ કરી નવી દિલ્હીએ પાડોશી પાકિસ્તાન પર પ્રહારો કર્યા. બેઠકમાં આ આતંકી હુમલા પાછળ આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદનો હાથ બતાવતા ભારતે કહ્યું કે હવે આતંક પર જીરો ટોલરન્સનો સમય આવી ગયોછે. તેમણે કહ્યું કે પાકિસ્તાન દ્વારા આતંકી સંગઠન જૈશની વિરૂદ્ધ કાર્યવાહી નહીં કરવાના લીધે ભારતે તેના ઠેકાણાઓ પર એર સ્ટ્રાઈક કરી છે.

ચીનના વુઝેનમાં આરઆઈસીની બેઠકમાં વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે કહ્યું કે પુલવામા આતંકી હુમલા અંગે આપણને બધાને ખબર છે. આ આતંકી હુમલામાં આતંકી સંગઠન પાકિસ્તાન સ્થિત અને સમર્થિત જૈશનો હાથ છે. આ હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાન શહીદ થઈ ગયા હતા જ્યારે કેટલાંય બીજા ગંભીર રીતે ઘાયલ થયા હતા. સુષ્મા એ કહ્યું કે હવે સમય આવી ગયો છે કે આ પ્રકારના આતંકવાદી હુમલાની વિરૂદ્ધ તમામ દેશ ઝીરો ટોલરન્સની નીતિ અપનાવે અને આતંકવાદની વિરૂદ્ધ નિર્ણાયક કાર્યવાહી કરે.

તેમણે કહ્યું કે પુલવામામાં આતંકી હુમલા બાદ પાકિસ્તાને આતંકી સંગઠન જૈશના વિરૂદ્ધ વિશ્વ સમુદાયની કાર્યવાહીની અપીલને નજરઅંદાજ કરતાં આ પ્રકારની કોઇ ઘટનાની માહિતીથી જ ઇંકાર કરી દીધો. પાકિસ્તાને તો જૈશના આ હુમલાની જવાબદારી લેવાના દાવાને પણ નકારી દીધો.

સુષ્મા એ કહ્યું કે પાકિસ્તાનની આતંક વિરૂદ્ધ કાર્યવાહીથી સતત ઇંકાર બાદ ભારતે જૈશના આતંકી ઠેકાણાઓ પર પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે ગુપ્તચર એજન્સી પાસેથી માહિતી મળ્યા બાદ જૈશ ભારતના અન્ય ભાગમાં આતંકી હુમલાની યોજના બનાવી રહ્યું છે, ત્યારે ભારતે કાર્યવાહી કરવાનો નિર્ણય કર્યો. આ એર સ્ટ્રાઈકમાં સંપૂર્ણપણે ધ્યાન રખાયું છે કે તેનાથી કોઇ સામાન્ય નાગરિકોને કોઇ જ નુકસાન પહોંચે નહીં.

વિદેશ મંત્રી એ કહ્યું કે આ નોન મિલિટરી ઓપરેશન હતું અને કોઇપણ સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવામાં આવ્યા નથી. આ હુમલાનો ઉદેશ જૈશના ઠેકાણાઓને ધ્વસ્ત કરવાના હતા. બેઠકમાં સુષ્મા એ ભારત-ચીન સંબંધો પર કહ્યું કે બંને દેશોની વચ્ચે સંબંધ અગત્યના છે. તેમણે કહ્યું કે આપણા સંબંધોમાં વુહાનમાં એપ્રિલ ૨૦૧૮મા પીએમ નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ શી જીનપિંગની વચ્ચે બેઠક મળ્યા બાદ ઘણા પ્રગતિ પર છે.

૮ મહિનામાં બીજી વખત મળ્યાં ટ્રમ્પ-કિમ, કિમ જોંગે નોર્થ કોરિયન એમ્બેસીની મુલાકાત લીધી

ટ્રમ્પે વિયેતનામ પ્રેસિડન્ટ સાથે એરલાઈન્સ ટ્રેડ ડીલ કરી

હનોઈ

ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ ઉન અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે હનોઇના મેટ્રોપોલ હોટલમાં બીજી વખત મુલાકાત કરી. બંને નેતાઓએ પહેલી વખત સાથે ડિનર પણ કર્યું. બંને નેતાઓ વચ્ચે ગત વર્ષે ૧૨ જૂને સિંગાપુરમાં પહેલી વખત વાતચીત થઈ હતી.

૪૭ વર્ષ પહેલાં અમેરિકાએ હનોઇ પર થાઈલેન્ડના યૂ-તપાઓ અને ગુઆમના એન્ડરસન એરબેઝથી બે બી-૫૨ ફાઈટર પ્લેનથી બોમ્બ ફેંક્યા હતા. હનોઇ તે સમયે ઉત્તર વિયતનામની રાજધાની હતી અને તેને દુનિયાનું સૌથી સુરક્ષિત સ્થળ માનવામાં આવતું હતું. ૧૯૫૪માં હનોઈમાં માત્ર ૪૩ હજાર લોકો જ રહેતાં હતા અને તે ૧૫૨ ચોરસ કિલોમીટરમાં જ વસેલું હતું. આજે હનોઇ ૩ હજાર ચોરસ કિમીનું બની ગયું છે અને તેની વસ્તી ૭૦ લાખથી પણ વધુ છે. હનોઇ વિકાસમાં પણ ઘણો થયો છે જે તેની ગગનચુંબી ઈમારતો તેમજ રેસ્ટોરન્ટ અને દુકાનો પરથી લગાવી શકાય છે.

કિમ જોંગે હનોઇ પહોંચીને અહીંની નોર્થ કોરિયન એમ્બેસીની મુલાકાત લીધી હતી. આ સમિટ દરમિયાન નોર્થ કોરિયાના પરમાણુ કાર્યક્રમ સંબંધિત ઉલ્લેખનીય પ્રગતિની ચર્ચા થશે. આ અગાઉ બંને નેતા ગત વર્ષે જૂન મહિનામાં સિંગાપોરમાં પ્રથમ સમિટ કરી ચૂક્યા છે. જો કે, પહેલી સમિટ બાદ પરમાણુ કાર્યક્રમને સમાપ્ત કરવા અંગે કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નહતું.

ટ્રમ્પે પોતાની વિયેતનામ સમિટની શરૂઆત કિમ જોંગ ઉન સાથેની મુલાકાતને અત્યંત હકારાત્મક ગણાવી છે. ટ્રમ્પે કહ્યું કે, આજે સોશિયલ ડિનર સમયે મારાં મિત્ર અને નોર્થ કોરિયાના લીડર કિમ જોંગ ઉન સાથેની મુલાકાત દરમિયાન સારી ઘટનાઓ બનશે.

ટ્રમ્પે વિયેતનામના પ્રેસિડન્ટ અને ડેલિગેશન સાથે મુલાકાત કરી હતી. ટ્રમ્પે વિયેતનામના ઝડપી વિકાસના વખાણ પણ કર્યા હતા. પ્રેસિડન્ટ સાથે મુલાકાત દરમિયાન ટ્રમ્પે જાહેરાત કરી હતી કે, વિયેતનામ અમેરિકામાં બનેલા ૧૦ પ્લેનની ખરીદી કરશે. આ અંગેની સંધિ ટૂંક સમયમાં જ થશે.



ટ્રમ્પે વિયેતનામ અને અમેરિકાના સંબંધોને ઉદાહરણ તરીકે દર્શાવીને નોર્થ કોરિયાને સંદેશ પાઠવ્યો હતો કે, તેઓ પણ પરમાણુ નિઃશસ્ત્રીકરણ દ્વારા ઝડપી વિકાસ કરતો દેશ બની શકે છે.

આ સમાચાર લખાઈ રહ્યા છે ત્યારે સમિટ દરમિયાન બંને લીડર્સ કોરિયન વૉરને ખતમ કરતા પીસ ડિક્લેરેશન (શાંતિ ઘોષણા) પર હસ્તાક્ષર કરે તેવી શક્યતાઓ છે. આ કરાર બાદ અમેરિકા નોર્થ કોરિયા પર લગાવેલા અમુક ચોક્કસ પ્રતિબંધો હટાવી દે તેવી પણ શક્યતાઓ છે. આ અગાઉ ૧૨ જૂન ૨૦૧૮માં મળેલી બેઠકમાં કિમ જોંગ અને કિમે પરમાણુ નિઃશસ્ત્રીકરણ પર હસ્તાક્ષર કર્યા હતા.

જો કે, શાંતિ કરાર પર હજુ સુધી અવઢવ છે. આખા વિશ્વની નજર એ મુદ્દા પર રહેશે કે બંને નેતાઓ ઔપચારિક રીતે ક્યા અને કેટલાં કરાર પર હસ્તાક્ષર કરે છે. ત્રીજાં દિવસે એટલે કે શુક્રવારે આ સમિટ ખતમ થશે.

૧૯૭૨માં અમેરિકાએ બોમ્બ ફેંક્યો હતોઃ ૪૭ વર્ષ પહેલાં અમેરિકાએ હનોઇ પર થાઈલેન્ડના યૂ-તપાઓ અને ગુઆમના એન્ડરસન એરબેઝથી બે બી-૫૨ ફાઈટર જેટ્સથી બોમ્બ ફેંક્યા હતા. હનોઈ તે સમયે નોર્થ વિયેતનામની રાજધાની હતું અને તેને વિશ્વનું સૌથી સુરક્ષિત સ્થળ ગણવામાં આવતું હતું. ૧૯૫૪માં હનોઈમાં માત્ર ૪૩ હજાર લોકો રહેતા હતા અને આ દેશ ૧૫૨ વર્ગકિમીમાં વસેલો હતો. આજે હનોઇ ૩૦૦૦ વર્ગકિમીમાં ફેલાયેલું છે અને તેની વસતી ૭૦ લાખથી વધુ છે.

પાકિસ્તાને લાહોરથી દિલ્હી આવતી સમજૌતા એક્સપ્રેસ ટ્રેનને રદ કરી દીધી

લાહોર

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ પ્રવર્તી રહ્યો છે. આ દરમિયાન પાકિસ્તાને લાહોરથી દિલ્હી આવનારી સમજૌતા એક્સપ્રેસ ટ્રેનને રદ કરી દીધી છે. પાકિસ્તાને સમજૌતા એક્સપ્રેસને રોકી દીધી. જે અંતર્ગત ગુરૂવારે લાહોરથી આવનારી ટ્રેનને રદ કરી દેવાઈ. સમજૌતા એક્સપ્રેસ લાહોરથી દિલ્હીની વચ્ચે ચાલે છે.

જો કે પુલવામા હુમલા બાદ સમજૌતા એક્સપ્રેસ ટ્રેનના પ્રવાસીઓના સંખ્યામાં સતત ઘટાડો નોંધાયો હતો. અને ગત સોમવારે તો આ સંખ્યા ઘટીને ૪૦થી ૭૦ની વચ્ચે રહી ગઈ. સોમવારે ૪૦ પ્રવાસીઓ પાકિસ્તાન ગયા અને ૭૦ પ્રવાસીઓ ભારત આવ્યા હતા.

પાકિસ્તાની સરહદ સાથે જોડાયેલા ત્રણ શહેરોને સતર્ક રહેવા આદેશ

ન્યુ દિલ્હી

પાકિસ્તાનમાં જૈશ-એ-મોહમ્મદના આતંકવાદી કેમ્પો પર એર સ્ટ્રાઈક કર્યા બાદ દિલ્હી, મુંબઈ સહિત ભારતના ૫ શહેરોમાં હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યો છે. પાકિસ્તાની સરહદ સાથે જોડાયેલા રાજસ્થાન, પંજાબ અને ગુજરાતના ત્રણ શહેરોને સતર્ક રહેવાના મૌખિક નિર્દેશ આપવામાં આવ્યાં છે.

ગુપ્તચર અધિકારીઓનું માનવું છે કે ભારતને હાલ પાકિસ્તાન કરતા કાશ્મીરમાં મોજૂદ આતંકવાદીઓથી વધારે ખતરો છે. કાશ્મીર ખીણમાં આઈએસઆઈ સમર્થિત આતંકી મોડ્યુલ દેશમાં અપ્રિય ઘટનાઓને અંજામ આપી શકે છે. જેને ધ્યાનમાં રાખીને દેશમાં સાવચેતી વધારી દેવામાં આવી છે. ઉત્તર અને પશ્ચિમ ભારતમાં પરમાણુ સંસ્થાઓ, એરબેઝ, નેવી બેઝ, સેનાના કેમ્પ ક્ષેત્રોમાં ભારે સુરક્ષા ગોઠવવામાં આવી છે.

ગુપ્તચર એજન્સીઓને શંકા છે કે અગાઉની જેમ જૈ શ-એ-મો હમ્મદ પ્રતિકાત્મક કાર્યવાહી કરી શકે છે કારણ કે વાયુસેનાની એર સ્ટ્રાઈકમાં મસૂદ અઝહરના ઘણાં સંબંધી માર્યા ગયાના અહેવાલ છે. નિયંત્રણ રેખા ઉપર પણ ચોકસાઈ વધારી દેવામાં આવી છે અને બીએસએફને આગામી ત્રણ દિવસ સુધી ખાસ સાવચેત રહેવાના નિર્દેશ આપવામાં આવ્યાં છે.

કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક મોકૂફ, આજે નહીં આવે પ્રિયંકા અને રાહુલ ગાંધી

અમદાવાદ

ભારત અને પાકિસ્તાનમાં તણાવની પરિસ્થિતી જોતા ૨૮ ફેબ્રુઆરી એટલે કે આજે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી, પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી, મહામંત્રી પ્રિયંકા ગાંધી, પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહનસિંહ ગુજરાતની મુલાકાત રદ કરવામાં આવી છે.

આ વખતની રાહુલ ગાંધીની ગુજરાત મુલાકાત કંઈક વિશેષ હતી કારણ કે ૫૮ વર્ષ બાદ ફરી એકવાર ગુજરાતમાં કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક અમદાવાદમાં મળવાની હતી. જે હાલ રદ કરવામાં આવી છે પરંતુ થોડા દિવસમાં તે ફરી કરવામાં આવશે.

આ પહેલા ૧૯૯૧માં ભાવનગર ખાતે કોંગ્રેસની વર્કિંગ કમિટીની બેઠક મળી હતી. આજે અમદાવાદમાં કોંગ્રેસની વર્કિંગ કમિટીની બેઠક ઉપરાંત અડાલજ ખાતે જનસંકલ્પ રેલીને કોંગ્રેસનું શીર્ષસ્થ નેતૃત્વ સંબોધન કરવાનાં હતાં.

અમદાવાદમાં કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક ઉપરાંત અડાલજ ખાતે જનસંકલ્પ રેલીને કોંગ્રેસનું શીર્ષસ્થ નેતૃત્વ સંબોધન કરવાનાં હતાં. જેને કારણે ગુજરાત કોંગ્રેસે તડામાર તૈયારીઓ આદરી હતી. પહેલા માહિતી મળી હતી કે ૨૭મી ફેબ્રુઆરીએ લોકસભામાં વિપક્ષ નેતા મલ્લિકાર્જુન ખડગે, રાજયસભા વિપક્ષ નેતા ગુલામનબી આઝાદ, પૂર્વ કેન્દ્રીય મંત્રી પી. ચિદમ્બરમ્, લોકસભાના પૂર્વ સ્પીકર મીરાંકુમાર સહિતના ૨૫ જેટલા નેતાઓ અમદાવાદ આવી પહોંચવાના હતા. લોકસભા, રાજયસભાના વિપક્ષ નેતાઓ, રાજયસભા સાંસદ એહમદ પટેલ, પૂર્વ મંત્રી પી. ચિદમ્બરમ, પૂર્વ મંત્રી આનંદ શર્મા, કે.સી. વેણુગોપાલ, ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી હરીશ રાવત, પૂર્વ ખજાનચી મોતીલાલ વોરા, રાષ્ટ્રીય પ્રવકતા રણદીપ સુરજેવાલા, પૂર્વ મંત્રી કુમારી શૈલજા, આસામના પૂર્વ મુખ્યમંત્રી તરૂણ ગોગોઈ, એ.કે. એન્ટની સહિતના ૨૫ કેન્દ્રીય કોંગ્રેસના નેતાઓ આજે ૨૭મીએ અમદાવાદ ખાતે આવી પહોંચવાના હતા.

અમેરિકા પાકિસ્તાનમાં લાદેનને મારી શકે, તો કંઈ પણ શક્ય છેઃ અરૂણ જેટલી

ન્યુ દિલ્હી

પાકિસ્તાનમાંબાલાકોટમાં વાયુસેનાના હવાઈ હુમલાથી ગભરાયેલાં પાકિસ્તાને બુધવારે સવારેભારતહવાઈ ક્ષેત્રનુંઉલ્લંઘન કર્યું. જેમાં ત્રણ વિમાને ઘૂંસ્યા અને રાજૌરીમાં વાયુક્ષેત્રનું ઉલ્લંઘન કર્યું. પરત થતાં સમયે તેઓએ કેટલાંક બોમ્બ પણ ફેંક્યા. જોકે ભારતની તાત્કાલિક કાર્યવાહી પછી પાકિસ્તાનના વિમાન પરત ફર્યાં હતા. ભારતની જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનનું જે-૧૬ વિમાન તોડી પડાયું છે. તો બીજી તરફ લેહ, જમ્મુ, શ્રીનગર અને પઠાનકોટ એરપોર્ટથી તમામ ફ્લાઈટ રદ કરી દીધી છે. તોઉત્તર ભારતના તમામ એરબેઝને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આવાસ પર રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, ગૃહમંત્રી, રક્ષામંત્રી, વિદેશ સચિવ , રક્ષા સચિવ, અને ગ્રુપ વિભાગોનાં પ્રમુખોની બેઠક મળી. આ બેઠકમાં પાકિસ્તાનને જવાબ આપવાની રણનીતિ બનાવાઈ. તણાવ વચ્ચે નાણામંત્રી અરુણ જેટલીએ મોટુ નિવેદન આપ્યુ છે. તેમને કહ્યું કે, આજની પરિસ્થિતીમાં બધુ જ શક્ય છે. જ્યારે અમેરિકા પાકિસ્તાનમાં ઘુસીને ઓસામા બિન લાદેનને મારી શકે છે તો કંઈ પણ શક્ય છે. જેટલીનાં આ નિવેદનનાં ઘણા અર્થ નીકળી શકે છે, માનવમાંઆવી રહ્યું છેકેભારત પણ પાકિસ્તાનમાં ઘુસીને જૈશનાં આતંકી ઠેકાણાંઓને નુકસાન પહોંચાડી શકે છે.

લાખોના જુગાર સાથે પકડાયેલા આરોપીઓના ફોટા માંગતા પોલીસે કર્યા આશ્ચર્યજનક સવાલ.... તમે ભરત શાહ છો એ કેવી રીતે ઓળખું હું...?!

રાજપીપળાની કરજણ કોલોની સરકારી વસાહતમાંથી લાખોના જુગાર સાથે પાંચને દબોચી લીધા

જુગારના વેપલા સાથે સંકળાયેલા તત્વો જગ્યા બદલીને ગમે ત્યાં ધંધો કરે છે ત્યારે હજુ રાજપીપળામાં અમુક જગ્યા પર આવા અડ્ડા ચાલતા હોવાની ચર્ચા હોય પોલીસ આ બાબતે અજાણ...?!

રાજપીપળા : રાજપીપળા કરજણ કોલોની સરકારી વસાહત ખાતે જુગાર રમતા પાંચ જેટલા નબીરાઓને એલસીબીની ટીમે લાખોની રોકડ સાથે ઝડપી લેતા અન્ય જગ્યાઓ પર ખાનગીમાં જુગાર રમતા તત્વોમાં ફફડાટ ફેલાયો હતો.

નર્મદા જિલ્લાં દારૂ જુગાર પર પોલીસ કડક થઈ છે છતાં ખાનગીમાં જુગાર રમતા જુગારીયાઓ ગમે તે જગ્યા પર પોતાનો ધંધો કરતા પોલીસને બાતમી મળતા જ લાલ આંખ કરે છે ત્યારે ગતરોજ વડિયા રોડ પર આવેલી કરજણ કોલોની કે જે સરકારી કોલોની છે ત્યાં વસાહતમાં ચાલતા જુગારધામ પર નર્મદા એલસીબી એ છાપો મારતા ત્યાં જુગાર રમતા જુગારીયા ખુલ્લી જગ્યામાં લાઇટથી નીચે રમતા હતા જેમાં (૧) કૌશિક રવજીભાઈ તડવી રહે, કેવડિયા કોલોની (૨) ઇઝ કાદરભાઈ કુરેશી, રહે, કસ્બાવાડ. રાજપીપળા (૩) નિતીનભાઈ રમણભાઈ પટેલ રહે, વાવડી તા. નાંદોદ(૪) મોહસીન કમાલ મહમદ રફીક ઘોરી રહે, કામસોલી તા. તિલકવાડા (૫) વિજય શનાભાઈ વસાવા હાલ રહે,બી-૧ રૂમ નં.૭, વડીયા સરકારી વસાહત મુળ રહે. છત્રાવિલાસ ગોકુળનગર રાજપીપળાને પોલીસે રેડ દરમીયાન ઝડપી લીધા બાદ તેમની અંગ ઝડતીના તથા દાવ ઉપરના રોકડા રૂપિયા ૧,૭૩,૧૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૭, કિંમત રૂપિયા ૯,૫૦૦/-તથા ઈકો ગાડી નંગ-૧, કિ.રૂ. ૧,૨૫,૦૦૦/ -તથા ઈકો ગાડીની ડીકીમાંના રોકડ રૂ.૧૦,૦૦૦/- મળી સહિતના મુદ્દામાલ સાથે કુલ રૂ.૩,૦૭,૭૦૫/- સાથે પકડી કાયદેસર કાર્યવાહી કરી છે. તપાસ ડી.એ.ક્રિશ્ચિયન, પો.સ.ઈ. રાજપીપળા કરે છે.



એલસીબી પોલીસે જુગારીયાઓના ફોટા આપવા બાબતે કર્યા આશ્ચર્યજનક સવાલ

એલસીબીએ કરેલી આ રેડમાં કેટલાક મોટા માથાઓ પણ પકડાયા હોય પોલીસે ગુનો દાખલ તો કર્યો પરંતુ જુગારમાં પકડાયેલા પાંચ વ્યક્તિઓના ફોટા અમારા પ્રતિનિધિએ માંગતા એલસીબી પીએસઆઈ વાઘેલાએ એમ સવાલ કર્યો કે હું કઈ રીતે માનુ કે તમે ભરત શાહ છો...?! તમને મેં જોયા નથી આપણે ક્યારેય મળ્યા નથી હું કેવી રીતે ફોટા આપું...? મારે મારી નોકરીનું પણ જોવું પડે ... એમ જણાવતા પીએસઆઈ ના આ સવાલ કંઈક આશ્ચર્યજનક લાગ્યા ત્યારે એમ પણ લાગ્યું કે પોલીસ ફરિયાદ દાખલ કર્યા બાદ પણ આવા તત્વોને છાવરે છે...?

ટીમ નર્મદાનું ગૌરવ, નર્મદા જિલ્લો રાષ્ટ્રીય જળ પુરસ્કાર માટે તૃતિય સ્થાને પસંદગી

નવી દિલ્હી ખાતે એસ્પિરેશનલ ડિસ્ટ્રીક્ટ નર્મદા જિલ્લાને રાષ્ટ્રીય જળ પુરસ્કાર-૨૦૧૮ એનાયત : પૂર્વ કલેક્ટર આર.એસ. નિનામાના જળ સંશાધન પ્રોજેક્ટ હેઠળ નવા ૩૯ તળાવોનાં નિર્માણ થકી ૪૦ કરોડ લીટર વરસાદી પાણીની સંગ્રહ ક્ષમતામાં કરાયેલો વધારો






રાજપીપળા : કેન્દ્રીય જળ સંશાધન, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ મંત્રાલય દ્વારા એસ્પીરેશનલ ડિસ્ટ્રીક્ટ નર્મદા જિલ્લો રાષ્ટ્રીય જળ પુરસ્કાર-૨૦૧૮ માટે તૃતિય સ્થાને પસંદગી પામતા તાજેતરમાં નવી દિલ્હી ખાતે કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરી, અર્જુનરામ મેઘવાલ અને કેન્દ્રિય સચિવ યુ.પી. સિંઘની ઉપસ્થિતિમાં એવોર્ડ વિતરણના યોજાયેલા સમારોહમાં આર.એસ.નિનામા વતી નર્મદા જિલ્લાના નાયબ કલેક્ટર જનમ ઠાકોરને આ એવોર્ડ અને પ્રશસ્તિપત્ર એનાયત કરી બહુમાન કરાયું હતું. આ એવોર્ડ પ્રાપ્તિથી "ટીમ નર્મદા" નું ગૌરવ વધ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નર્મદા જિલ્લાના પૂર્વ કલેક્ટર અને હાલમાં તાપી (વ્યારા) જિલ્લા કલેક્ટર તરીકે પદભાર સંભાળી રહેલા આર.એસ. નિનામાએ નર્મદા જિલ્લામાં તેમની સેવાકાળ દરમિયાન સિંચાઈથી વંચિત જિલ્લામાં ખૂબ જ ઉંચાઈ પર આવેલા ડુંગરાળ વિસ્તાર માલ-સામોટ તથા દેડીયાપાડાના અંતરિયાળ વિસ્તારમાં ૨૦૧૭-૧૮ ના વર્ષમાં જળ સંશાધન પ્રોજેક્ટ હાથ ધર્યો હતો. જેમાં નવા તળાવની કામગીરી માટે સર્વે હાથ ધરીને ૫૦ જેટલા તળાવોનાં નિર્માણનો લક્ષ નક્કી કરાયો હતો. પૂર્વ કલેક્ટર આર.એસ. નિનામા દ્વારા બાયસેગની મદદથી ઈન્ફર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ કરીને મહત્તમ જળસંગ્રહ થઈ શકે તેવા લોકેશન નક્કી કરીને નાંદોદ તાલુકાનાં ડુંગરાળ વિસ્તાર, ગરૂડેશ્વર તાલુકાનાં પૂર્વ વિસ્તાર, દેડીયાપાડાનો માલ-સામોટ તરફનો વિસ્તાર વગેરેમાં સરકારી ફંડ અને લોકભાગીદારીથી ૩૯ તળાવોનું નિર્માણ કરીને ૪૦ કરોડ લીટર વરસાદી પાણીની સંગ્રહ ક્ષમતામાં વધારો થવાને લીધે જિલ્લામાં અનેક બોર, કુવા અને હેન્ડપંપ રિચાર્જ થવા પામ્યાં છે. નર્મદા જિલ્લામાં સુજલામ સુફલામ્ જળ અભિયાન-૨૦૧૮ અંતર્ગત હાથ ધરાયેલા જળસંગ્રહ અને જળ સંચયનાં કુલ- ૩૮૬ જેટલાં કામો માત્ર એક માસમાં જ પૂર્ણ કરવામાં આવ્યાં હતાં, જેમાં GNFC, TCGL તથા GGRC જેવી ગુજરાત સરકારની સંસ્થાઓનો પણ નાણાંકીય સહયોગ સાંપડ્યો હતો.

રાજપીપળા શહેરમાં ગત રાત્રે વાવાઝોડા સાથે વરસાદી ઝાપટું પડતા ત્રણ ઋતુનો માહોલ



અચાનક વાતાવરણમાં પલટો આવતા બીમારી વધવાની શક્યતાઓ સાથે ખેડૂતોના પાકને પણ નુકસાન થશે

રાજપીપળા : રાજપીપળા શહેરમાં મંગળવારે રાત્રે દસેક વાગે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો અને વાવાઝોડા સાથે વરસાદી ઝાપટા પડતા ત્રિવેણી ઋતુનો સંગમ જોવા મળ્યો હતો જોકે છેલ્લા પંદરેક દિવસથી સવારે ઠંડી અને બપોરે ગરમી વાળું બેવડું વાતાવરણ હતુજ ત્યાં અચાનક વરસાદ પડતા એકજ દિવસે ત્રણ ત્રણ ઋતુ જોવા મળી જેના કારણે લોકો બીમાર પડવાની શક્યતાઓ સેવાઈ રહી છે ત્યારે ગ્લોબલ વોર્મિંગ ના કારણે ઋતુચક્ર માં થતા આ ફેરફારોના કારણે લોકો બીમાર તો પડશેજ પરંતુ ધરતીપુત્રોના પાકને પણ નુકશાન થશે જેમાં ખેડૂતોના કપાસ,ઘઉં જેવા સીઝનના પાકોને નુકસાન થતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847
7575006848
7575006850

Whats-App Time 10 am to 5 pm

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા સહિતના ગામોમાં વીજ કંપનીના દરોડામાં અસંખ્ય ગેરરીતિમાં ૪૭.૧૯ લાખનો દંડ ફટકારતા ફફડાટ



દક્ષિણ ગુજરાત વીજ કંપનીના કાર્યક્ષેત્ર હેઠળના પીપલોદ, ચલથાણ, કોસાડ, મગદલ્લા અને ડેડીયાપાડા સબડિવિઝનના વિવિધ વિસ્તારોમાં વિજિલન્સ ટીમે દરોડા પાડી કુલ ૨૦૫ ગ્રાહકોને વીજચોરી તથા અન્ય ગેરરીતિ કરતાં ઝડપી ૪૭.૧૯ લાખનો દંડ કરાયો

રાજપીપળા :નર્મદા જિલ્લાના ડેડીયાપાડા સહિત દક્ષિણ ગુજરાતના ગામોમાં વીજ કંપનીના દરોડામાં અસંખ્ય ગેરરીતિમાં ૪૭.૧૯ લાખનો દંડ ફટકાર્યો હતો. જીયુવીએનએલ દ્વારા વીજચોરીના દુષણને ડામવા વિજીલન્સ વિભાગની સૂચના અને સીધા માર્ગદર્શન હેઠળ તા.૨૫ ફેબ્રુઆરી થી તા.૨૭ ફેબ્રુઆરી દરમ્યાન દક્ષિણ ગુજરાત વીજ કંપનીના કાર્યક્ષેત્ર હેઠળના પીપલોદ, ચલથાણ, કોસાડ, મગદલ્લા અને ડેડીયાપાડા સબડિવિઝનના વિવિધ વિસ્તારોમાં જીયુવીએનએલ પોલીસ સ્ટાફ સાથે રાખી કડક ચેકીંગ ડ્રાઈવનું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે આ વીજ ચેકિંગ ડ્રાઈવ દરમ્યાન કુલ ૩૦૮૪ વીજ જોડાણોની ચકાસણી કરવામાં આવી જે પૈકી કુલ ૨૦૫ વીજ જોડાણોમાં વીજ ચોરી તથા અન્ય ગેરરીતિ આચરવામાં આવેલ હોવાનું જણાયેલ ત્યારે આ તમામ કેસોમાં કુલ અંદાજે રૂ.૪૭.૧૯ લાખની વીજ ચોરી તથા અન્ય ગેરરીતિ પકડી પાડવામાં આવી છે અને વીજ ચોરી કરતા તત્વો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા અન્યોમાં ફફડાટ ફેલાયો હતો.

આમ, સમગ્ર રાજયમાં વીજચોરી વિરૂદ્ધની ઝુંબેશ વધુ સંગીન બનાવી,વીજ ચોરો સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે, જેથી વીજચોરી આચરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.inમાં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અટળક કમાઓ.
ઘનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847